CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ માગસર વદ -૧૩  બુધવાર, તા.૧૭-૧૨-૨૦૨૫  અંક : ૪૧ વર્ષ : ૨૩  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

# અમદાવાદની આઠ શાળાઓમાં બોમ્બ મુક્યા હોવાની ધમકી

## અમદાવાદ શહેરની નામાંકિત શાળાઓમાં બોમ્બ મુક્યો હોવાની ધમકી આપતો ઈમેઈલ મળતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું : તમામ શાળાઓ ખાલી કરાવી તપાસ હાથ ધરવામાં આવી

અમદાવાદ

અમદાવાદમાં વધુ એક વખત શાળાઓમાં બોમ્બ મુક્યો હોવાની ધમકી મળતા પોલીસ તંત્ર દ્વારા ટેરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.અમદાવાદની આઠ શાળાઓમાં બોમ્બની ધમકીના પગલે પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. આજે સવારે અમદાવાદની ઝેબર,મહારાજા અગ્રસેન અને ઝાયડસ, ડી.એ.વી. ઈન્ટરનેશલ, ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, આવિષ્કાર સ્કૂલ, જેમ્સ એન્ડ જેમિસન અને નિર્માણ સ્કૂલ સહિત ૮ સ્કૂલમાં બોમ્બ મુક્યાનો ધમકીભર્યો ઈમેઈલ મળતા પોલીસ તંત્ર અને શાળા સંચાલકોમાં



દોડાદોડ મચી ગઈ હતી. સવારે અંદાજે ૧૦:૦૦ વાગ્યા આસપાસ સ્કૂલ પ્રશાસનને એક શંકાસ્પદ ઈમેઈલ મળ્યો હતો, જેમાં સ્કૂલમાં બોમ્બ મુકવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ બાબતની જાણ થતાની સાથે જ સ્કૂલ સંચાલકોએ ત્વરિત ધોરણે પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્થાનિક પોલીસ સ્ટેશનનો કાફલો, ફાયર બ્રિગેડની ટીમ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને શાળામાંથી તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક અસરથી વર્ગખંડોમાંથી બહાર કાઢી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને શાળાનું ગ્રાઉન્ડ ખાલી કરાવવામાં આવ્યું હતું.

હાલમાં બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા સમગ્ર સ્કૂલ કેમ્પસમાં ખૂણે-ખૂણે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા વાલીઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તેઓ સ્કૂલ ખાતે દોડી આવ્યા હતા. પોલીસ દ્વારા હાલ ઈમેઈલનું પગેરું શોધવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ અમદાવાદની અનેક નામાંકિત સ્કૂલોને આવા ફેક ઈમેઈલ મળી ચૂક્યા છે.

વેજલપુર પી.આઈ.એ જણાવ્યા મુજબ, આજે સવારે ઈમેલ દ્વારા ઝાયડસ, ઝેબર, અગ્રેસન અને ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ ને ઉડાવી દેવાની ધમકી મળી છે. જે બાદ બોમ્બ સ્કોડ, ક્રાઈમ બ્રાન્ચ, પોલીસ અને ફાયરનો કાફલો સ્થળ પર પહોંચી ગયો છે અને તપાસ હાથ ધરી છે. આ ધમકી ભર્યો ઈમેલ કોના દ્વારા અને ક્યાંથી કરવામાં આવ્યો છે તેની હાલમાં તપાસ ચાલી રહી છે.

### અગાઉ પણ શાળાઓમાં બોમ્બ મુક્યો હોવાની મળી હતી ધમકી

**અમદાવાદ શહેરની આઠ નામાંકિત શાળાઓમાં બોમ્બ મુક્યો હોવાની ધમકીભર્યો ઈમેઈલ મળતા શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે.આ અગાઉ પણ અમદાવાદની શાળાઓમાં બોમ્બ મુક્યો હોવાની ધમકી મળી હતી.પોલીસ તંત્ર દ્વારા હાલમાં આઠેય સ્કૂલોને ખાલી કરાવી વિધાર્થી,શિક્ષકો અને કર્મચારીઓને સલામત સ્થળે ખસેડી બોમ્બ સ્કવોડની મદદથી તપાસ હાથ ધરવામાં આવી છે.**

## ભારત અને ઈથોપિયા વચ્ચે આઠ કરારો પર થયા હસ્તાક્ષર

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈથોપિયાના વડા પ્રધાન અબીય અહેમદ અલી વચ્ચેની વાતચીત બાદ, ભારત અને ઈથોપિયાએ તેમના ઐતિહાસિક સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડ્યા છે. બંને દેશોએ આઠ મુખ્ય કરારો પર હસ્તાક્ષર કર્યા.

ભારત અને ઈથોપિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈથોપિયાના વડા પ્રધાન અબીય અહેમદ અલી વચ્ચે વ્યાપક વાટાઘાટો બાદ બંને દેશોએ તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવાનો નિર્ણય લીધો હતો. આ પગલું ભારત-આફ્રિકા સંબંધો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાતે પહોંચેલા વડા પ્રધાન મોદીનું રાષ્ટ્રીય મહેલમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું, જે બંને દેશો વચ્ચે વધતી જતી નિકટતાનો સંકેત આપે છે.

પ્રધાનમંડળ-સ્તરની વાટાઘાટો બાદ, વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે ભારત અને ઈથોપિયા તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડી રહ્યા છે.

### પીએમ નરેન્દ્ર મોદીને ઈથોપિયાએ સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા

ઈથોપિયાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમના સર્વોચ્ચ સન્માન, ઈથોપિયાના મહાન સન્માન નિશાનથી નવાજ્યા છે. પીએમ મોદી આ સન્માન મેળવનારા પ્રથમ વિદેશી રાષ્ટ્રપ્રમુખ બન્યા છે. આને ભારત-ઈથોપિયા સંબંધોમાં નવી મજબૂતીના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેને દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ ગણાવી. આ કોઈ વિદેશી દેશ દ્વારા પીએમ મોદીને આપવામાં આવેલું ૨૮મું સર્વોચ્ચ સન્માન છે. શાહે તેને ભારત-ઈથોપિયા મિત્રતામાં એક સીમાચિહ્ન ગણાવ્યું હતું.

### ભારતે ઈથોપિયાના વિદ્યાર્થીઓ માટે સબસિડી વધારી બમણી કરી : કરારથી બંને દેશના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારી સુધી વિસ્તર્યા

## અમેરિકાએ વેનેઝુએલા સરકારને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની ઘોષણાએ અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેના તણાવને અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તરે પહોંચાડી દીધો છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર ઉશ્કેરણીજનક જાહેરાત કરતા વેનેઝુએલા પર સંપૂર્ણ લશ્કરી અને આર્થિક નિયંત્રણ લાદવાની ધમકી આપી છે.ટ્રમ્પે આક્રમક રીતે લખ્યું છે કે વેનેઝુએલા સરકારને "અમારી સંપત્તિની ચોરી, આતંકવાદ, ડ્રગ્સની તસ્કરી અને માનવ તસ્કરી સહિતના અન્ય ઘણા કારણોસર" વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવી છે. આ ઘોષણાના પગલે, ટ્રમ્પે તાત્કાલિક અસરથી વેનેઝુએલામાં આવતા-જતા તમામ પ્રતિબંધિત ઓઈલ ટેન્કરોની સંપૂર્ણ નાકાબંધી કરવાનો આદેશ આપ્યો છે.

## અમેરિકામાં હવે ૭ ગરીબ દેશોના નાગરિકો માટે પ્રવેશબંધી ફરમાવાઈ

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે રાષ્ટ્રીય સુરક્ષા અને વેઈટિંગ પ્રક્રિયામાં રહેલી ખામીઓનો હવાલો આપીને ૦૭ દેશો સામે અમેરિકામાં પ્રવેશ પર લાગેલા યાત્રા પ્રતિબંધોનો વિસ્તાર કર્યો છે. આ નિર્ણય તેમના પહેલા કાર્યકાળની કડક નીતિઓને પુનઃસ્થાપિત કરવાનો એક ભાગ છે અને તાજેતરની સુરક્ષા ઘટનાઓ બાદ લેવામાં આવ્યો છે. સંપૂર્ણ યાત્રા પ્રતિબંધ લાદવામાં આવેલા અન્ય દેશોમાં આફ્રિકાના કેટલાક ગરીબ દેશો - બુર્કિના ફાસો, માલી, નાઈજર, સિયેરા લિયોન અને દક્ષિણ સુદાન - તેમજ દક્ષિણપૂર્વ એશિયાનો લાઓસ પણ સામેલ છે. આ ઉપરાંત, ટ્રમ્પ પ્રશાસને પેલેસ્ટાઈની રાજ્યને માન્યતા આપવા બદલ ફ્રાન્સ અને બ્રિટન સહિતના પશ્ચિમી દેશોની વિરુદ્ધ ઇઝરાયેલ સાથે એકતા દર્શાવતા અનૌપચારિક રીતે પેલેસ્ટાઈની ઓથોરિટી પાસપોર્ટ ધારકોની યાત્રા પર પણ પ્રતિબંધોનો વિસ્તાર કર્યો છે.વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ પ્રતિબંધ એવા વિદેશીઓને અમેરિકામાં પ્રવેશતા રોકવા માટે છે.

# વૈશ્વિક ફૂટબોલ આઇકોન લિયોનોલ મેસીએ વનતારનો અવિસ્મરણીય અનુભવ કર્યો

### વનતારામાં મેસીનું પરંપરાગત સ્વાગત કરાયું, વનતારા જે કાર્ય કરી રહ્યું છે તે ખરેખર અદભુત : મેસી, એક સિંહબાળનું નામ મેસીના નામ પરથી 'લાયોનેલ' રાખ્યું, વનતારાની મુલાકાત બદલ અનંત-રાધિકાએ મેસીનો આભાર માન્યો



જામનગર : ભારત—વૈશ્વિક ફૂટબોલ આઇકોન લિયોનેલ મેસીએ અનંત અંબાણી દ્વારા સ્થાપિત વન્યજીવન બચાવ, પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્ર વનતારાની ખાસ મુલાકાત લીધી. મેસી તેમના ઈન્ટર માયામીના સાથી ખેલાડીઓ લુઈસ સુઆરેઝ અને રોડ્રિગો ડી પોલ સાથે વનતારામાં પહોંચ્યા હતા. તેમનું ભવ્ય પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું, જેમાં જીવંત લોકસંગીત, આશીર્વાદ અને શુદ્ધ ભાવનાનું પ્રતીક બનેલી ફૂલવર્ષા તથા ઔપચારિક આરતીનો સમાવેશ હતો. ફૂટબોલના દિગ્ગજ ખેલાડીએ મંદિરમાં મહાઆરતીમાં પણ ભાગ લીધો, જેમાં અંબે માતા પૂજા, ગણેશ પૂજા, હનુમાનજીની પૂજા અને શિવ અભિષેક સામેલ હતા. આ તમામ વિધિઓ દરમિયાન વિશ્વશાંતિ અને એકતાની પ્રાર્થના કરવામાં આવી, જે ભારતની તમામ જીવસૃષ્ટિ પ્રત્યેના શાશ્વત આદરના સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે.

મેસીની મુલાકાત આ સાંસ્કૃતિક



મૂલ્યોને પ્રતિબિંબિત કરતી હતી, કારણ કે તેમણે પરંપરાગત હિન્દુ ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો, વન્યજીવનનું નિરીક્ષણ કર્યું અને સંભાળ રાખનારાઓ તથા સંરક્ષણ ટીમો સાથે આત્મીય સંવાદ કર્યો. મુલાકાત દરમિયાન તેમનો નમ્ર સ્વભાવ અને માનવતાવાદી મૂલ્યો સ્પષ્ટપણે ઝળહળ્યા, તેમજ વન્યજીવન સંરક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને કારણે અનંત અંબાણી સાથેના તેમના ઉષ્માભર્યા સંબંધો પણ ઉજાગર થયા.



સ્વાગત સમારંભ બાદ, મેસીએ વનતારાના વિશાળ સંરક્ષણ પરિસરના માર્ગદર્શિત પ્રવાસની શરૂઆત કરી. અહીં બચાવાયેલા મોટા બિલાડા, હાથીઓ, શાકાહારી પ્રાણીઓ, સરિસૃપો અને વિશ્વભરમાંથી લાવવામાં આવેલા નાના પ્રાણીઓની સંભાળ લેવામાં આવે છે. તેમણે ગ્રીન એનર્જી કોમ્પ્લેક્સ અને વિશ્વના સૌથી મોટા રિફાઇનરી કોમ્પ્લેક્સની પણ મુલાકાત લીધી, જ્યાં કામગીરીના વિશાળ કદ અને દ્દષ્ટિકોણને જોઈ તેઓ આશ્ચર્યચકિત થયા.





સિંહ, ચિત્તા, વાઘ અને અન્ય લુપ્તપ્રાય પ્રજાતિઓ માટેના સંભાળ કેન્દ્રમાં મેસીએ કુદરતી અને સમૃદ્ધ વાતાવરણમાં ખીલતા પ્રાણીઓ સાથે સમય વિતાવ્યો, જેમાંથી ઘણા પ્રાણીઓ ઉત્સુકતાપૂર્વક તેમની નજીક આવ્યા. ત્યારબાદ તેમણે હર્બિવોર કેર સેન્ટર અને સરિસૃપ સંભાળ કેન્દ્રની મુલાકાત લીધી, જ્યાં વિશેષ પશુચિકિત્સા સારવાર, કસ્ટમાઇઝ્ડ પોષણ, વર્તણૂક આધારિત તાલીમ અને વૈજ્ઞાનિક પશુપાલન પ્રોટોકોલ હેઠળ પ્રાણીઓની ઉત્તમ સંભાળ લેવામાં



આવે છે, જે વન્યજીવન કલ્યાણમાં વનતારાના વૈશ્વિક નેતૃત્વને દર્શાવે છે.

પ્રવાસ દરમિયાન તેમણે મલ્ટી-સ્પેશિયલિટી વાઈલ્ડલાઈફ હોસ્પિટલની પણ મુલાકાત લીધી, જ્યાં રિયલ-ટાઈમ ક્લિનિકલ અને સર્જિકલ પ્રક્રિયાઓનું નિરીક્ષણ કર્યું, તેમજ બાદમાં ઓકાપી, ગેંડા,



જિરાફ અને હાથીઓને ખોરાક આપ્યો. વૈશ્વિક દ્દષ્ટિકોણથી તેમણે ભારતમાં વન્યજીવન સંભાળ અને સંરક્ષણને આગળ વધારવા માટે ભારતના વડાપ્રધાનની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી.

અનાથ અને સંવેદનશીલ નાના પ્રાણીઓ માટે સમર્પિત ફોસ્ટર કેર સેન્ટરમાં મેસીએ તેમની સંઘર્ષભરી છતાં પ્રેરણાદાયી યાત્રાઓ વિશે જાણકારી મેળવી. એક હૃદયસ્પર્શી ક્ષણમાં અનંત અંબાણી અને રાધિકા અંબાણીએ સાથે મળીને એક સિંહના બચ્ચાનું નામ "લાયોનેલ" રાખ્યું, જે હવે આશા અને સતતતા પ્રતિક બની ગયું છે અને ફૂટબોલ દંતકથાના સન્માનમાં અપાયું છે.

અનંત અંબાણીએ વનતારાની મુલાકાત બદલ અને પ્રાણીઓ તથા માનવજાત પ્રત્યે નિ:સ્વાર્થ પ્રેરણા આપવા બદલ મેસીનો આભાર માન્યો. તેના જવાબમાં, સ્પેનિશ ભાષામાં મેસીએ કહ્યું, "વનતારા જે કાર્ય કરી રહ્યું છે તે ખરેખર અદભૂત છે. પ્રાણીઓ માટેનું કાર્ય, તેમને મળતી સંભાળ અને તેમને બચાવીને જે રીતે સાચવવામાં આવે છે તે અત્યંત પ્રભાવશાળી છે. અમે અહીં અતિ સુંદર સમય વિતાવ્યો હતો.

CMYK CMYK

# રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૯,૮૦૫ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

## કમોસમી વરસાદમાં થયેલા નુકસાન અન્વયે જાહેર કરાયેલા આર્થિક પેકેજ-MSP અંતર્ગત : વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા

ગાંધીનગર,

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કમોસમી વરસાદમાં થયેલા નુકસાન અન્વયે જાહેર કરાયેલા આર્થિક પેકેજ અંતર્ગત ઝડપભેર ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજ્યભરમાં વરસેલા કમોસમી અસાધારણ વરસાદના કારણે ખેડૂતોને ખૂબ મોટું આર્થિક નુકસાન થયું હતું. જે અંતર્ગત રાજ્યના ખેડૂતોને આર્થિક સહાય આપી પગભર થવા અને તેમની પડખે ઊભા રહીને પાક સર્વે પૂર્ણ કરીને રૂ. ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. આ કૃષિ રાહત પેકેજ હેઠળ રાજ્યના ૩૩ લાખ ખેડૂતોએ અરજી કરી હતી, જેમાંથી અત્યાર સુધીમાં ૨૭ લાખથી વધુ ખેડૂતોને સહાય પેટેની અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને છેલ્લા ૧૦ દિવસમાં કુલ ૨૨.૯૦ લાખથી વધુ લાભાર્થીઓના ખાતામાં રૂ. ૯,૮૦૫ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. જ્યારે બાકીના ખેડૂતોને સહાય ચૂકવવાની કામગીરી યુદ્ધના ધોરણે કરાવવામાં આવી રહી છે, જે ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને હેક્ટર દીઠ સહાય અગાઉ રૂ. ૧૧ હજાર હતી તે વધારીને રૂ. ૨૨ હજાર અને બે હેક્ટરની મર્યાદામાં વધુમાં વધુ રૂ. ૪૪ હજાર આર્થિક સહાય ચૂકવવામાં આવી રહી છે. જેનો રાજ્યના ૧૮ હજાર ગામોમાંથી ૧૭ હજાર ગામોના ખેડૂતોને લાભ મળ્યો છે.

મંત્રી શ્રી મોઢવાડીયાએ વધુમાં કહ્યું હતું કે, આર્થિક સહાય અંતર્ગત મગફળી સહિતના વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરીને રાજ્ય સરકાર ખેડૂતોની હામી બની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે રૂ. ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદી કરવાનું નક્કી કર્યું છે. હાલમાં ગુજરાતમાં મગફળી, સોયાબીન, મગ અને અડદ પાકની ખરીદી માટે ચાલુ વર્ષે રેકોર્ડબ્રેક ૧૦.૧૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ગત વર્ષે આ ખરીદી માટે માત્ર ચાર લાખ ખેડૂતોએ નોંધણી કરાવી હતી, જેમાં આ વર્ષે અઢી ગણો વધારો થયો છે. રાજ્યમાં મગફળીની ખરીદી માટે ૧૧૪ તાલુકામાં ૩૧૭ જેટલા ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. નવેમ્બરથી અત્યાર સુધીમાં મગફળી, સોયાબીન, મગ અને અડદ માટે કુલ ૧૦.૧૧ લાખ ખેડૂતો પૈકી ૪.૭૫ લાખથી વધુ ખેડૂતો પાસેથી ૧૦.૪૯ લાખ મેટ્રિક ટન જથ્થાની રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી કુલ ૨.૧૮ લાખ કરતા વધુ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની ચૂકવણી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત મગફળી સિવાયના પાકની ટેકાના ભાવે ખરીદી હાલમાં ચાલી રહી છે. આમ, આ ટૂંકા ગાળામાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના ખાતામાં રૂ. ૮,૭૯૮ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં એસએમસીનો સપાટો ૨૪ કલાકમાં ૧ કરોડથી વધુનો દારૂ ઝડપ્યો

સુરેન્દ્રનગર,

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા છેલ્લા ૨૪ કલાકમાં સુરેન્દ્રનગર જિલ્લામાં લિંબડી અને ચોટીલા વિસ્તારમાં બે અલગ-અલગ જગ્યાએ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં કુલ એક કરોડ ૫૭ હજાર રૂપિયાથી વધુનો વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી જિલ્લામાં તેમજ દારૂના ગેરકાયદે ધંધામાં સંકળાયેલા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

સુરેન્દ્રનગર જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં પંજાબ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી મોટા પ્રમાણમાં દારૂની ઘૂસણખોરી થતી હોવાની માહિતી સામે આવી રહી છે. ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર વારંવાર દારૂનો મોટો જથ્થો ઝડપાતો હોય છે.

આ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે લિંબડી તાલુકાના ઝાખર ગામના પાટિયા પાસે આવેલા એક ફાર્મ હાઉસમાં રેડ કરી ૬૩ લાખ ૫૭ હજાર રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ સંદર્ભમાં લિંબડીના કુલદીપ બાબુભાઈ ઝિંઝુવાડિયા અને મિથુન કનૈયાલાલ રોટ નામના ઈસમને ઝડપી પાડ્યા છે, જેને લિંબડી પોલીસને સોંપવામાં આવ્યા છે. જ્યારે દારૂનો ઓર્ડર આપનાર મુખ્ય આરોપી તનવીર ઝાલા સહિત સાત શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

બીજી તરફ, ચોટીલા પાસે આવેલા બળદેવ હોટલના કમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂનો જથ્થો ટ્રકમાં લઈ જવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે રેડ કરી હતી. આ કાર્યવાહી દરમિયાન ૮૭ લાખ ૮૩ હજાર રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. રેડ દરમિયાન અજય દેવકરણભાઈ બારૈયા સ્થળ પરથી ફરાર થયો હતો, જ્યારે દારૂ મોકલનાર મકાવનાર ભાયાભાઈ મોરી, ભાવેશભાઈ મોરી સહિત ત્રણ શખ્સોને ફરાર જાહેર કરી બાદમાં ઝડપી પાડવામાં આવ્યા છે. સમગ્ર મામલે ચોટીલા પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગરમાં મ્યુલ એકાઉન્ટ સંબંધિત સૌપ્રથમ ગુનો નોંધાયો

## દેશભરમાંથી ૨૫ ફરિયાદો નોંધાયેલા કેટરિંગ પેઢીના એકાઉન્ટમાંથી ૭૪ લાખના વ્યવહારો મળ્યા

ગાંધીનગર,

ગાંધીનગરમાં સાયબર ક્રાઇમ સેલે ઓનલાઈન છેતરપિંડીના નાણાંને સગેવગે કરવા માટે વપરાતા મ્યુલ એકાઉન્ટ સંબંધિત કૌભાંડમાં ડીવાઇન કેટરર્સ નામની પેઢીના રૂપાલ ગામના ડિરેક્ટર વિરુદ્ધ ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો માટે પેથાપુર પોલીસ મથકમાં ગાંધીનગર જિલ્લાનો પ્રથમ ગુનો દાખલ કરાવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ પેઢીના નામના એકાઉન્ટમાં રૂ. ૭૪.૨૭ લાખની રકમના અનઓથોરાઇઝ્ડ ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા સાથે દેશભરમાંથી કુલ ૨૫ ફરિયાદો નોંધાયેલી હોવાનો પર્દાફાશ થયો છે.

ભારતમાં ઓનલાઈન મની ફ્રોડનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે અને મોટા ભાગે આવા દરેક ફ્રોડમાં મ્યૂલ એકાઉન્ટનો ઉપયોગ થતો હોય છે.

ત્યારે સાયબર ક્રાઇમ સેલ દ્વારા કરોળિયાની જાળની માફક ફેલાયેલા ફ્રોડના મૂળ સુધી પહોંચવા મ્યૂલ એકાઉન્ટ્સની ઘનિષ્ઠ તપાસ કરવામાં આવી રહી છે. જે અન્વયે ગાંધીનગરમાં સૌપ્રથમ ગુનો પેથાપુર પોલીસ મથકના ચોપડે નોંધાયો છે. સાયબર ક્રાઈમે IDFC FIRST BANKના એક એકાઉન્ટના સ્ટેટમેન્ટનું એનાલિસિસ કર્યું. સાયબર ક્રાઇમને વેગ આપતા મ્યુલ એકાઉન્ટ્સની તપાસમાં ભારત સરકારના NCCRP અને SAMANVAYA પોર્ટલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસે IDFC FIRST BANKના એક એકાઉન્ટ નંબરના સ્ટેટમેન્ટનું એનાલિસિસ કર્યું હતું. આ એનાલિસિસમાં ૩૦ ઓક્ટોબર, ૨૦૨૪થી ૧૬ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન કુલ રૂ. ૭૪,૨૭,૫૦૮ જેટલી મોટી રકમના શંકાસ્પદ અને અનઓથોરાઇઝ્ડ ટ્રાન્ઝેક્શન મળી આવ્યા હતા.

જેમાં આ એકાઉન્ટ વિરુદ્ધ NCCRP પોર્ટલ પર દેશભરમાંથી કુલ ૨૫ જેટલી ફરિયાદો નોંધાયેલી અને આ ખાતું મોટા નેટવર્કના ભાગરૂપે કાર્યરત હોવાનું બહાર આવ્યું છે. વધુમાં તપાસમાં બહાર આવ્યું છે કે આ ખાતુ ડીવાઇન કેટરર્સ નામે ખોલવામાં આવ્યું હતું, જેના ડિરેક્ટર તરીકે ભાવેશ રાધેશ્યામભાઈ પટેલ (રહે. સોનીપુર, રૂપાલ, ગાંધીનગર) છે. આરોપી ભાવેશ પટેલે અન્ય મળતિયાઓ સાથે મળીને ગુનાહિત કાવતરું રચી ઓનલાઇન ઠગાઈથી મેળવેલા નાણાં પોતાના એકાઉન્ટમાં જમા કરાવીને ગેરકાયદેસર આર્થિક લાભ મેળવ્યો હતો.

# રામોલમાં બેફામ કારે સૂઈ રહેલા પરિવારને કચડ્યો

## પૂરઝડપે આવી કાર સ્લીપ ખાઈ છાપરામાં ઘૂસી ગઈગાડી ઊંચી કરીને તમામ લોકોને બહાર કાઢ્યા, ૪ ઈજાગ્રસ્ત



અમદાવાદ,

અમદાવાદના રામોલ વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જ્યાં રામોલ ગામમાં આવેલા તળાવ પાસે ગઈકાલે રાત્રે શ્રમિક પરિવાર છાપરામાં સુઈ રહ્યો હતો ત્યારે મોડી રાત્રે અચાનક જ પૂર ઝડપે આવતી એક ફોર વ્હીલર ગાડી બેફામ રીતે છાપરામાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં શ્રમિકનો પરિવાર અંદર ફસાઈ ગયો હતો. આસપાસના લોકોએ ભેગા થઈને ગાડી ઊંચી કરીને ચાર લોકોને બહાર કાઢ્યા હતા, જેમાંથી મુકેશભાઈ, તેમના પત્ની અને બે બાળકો સહિત કુલ ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. અમદાવાદના રામોલના રામોલ ગામમાં આવેલા તળાવ પાસે ગઈકાલે રાત્રે શ્રમિક મુકેશ ડામોર અને તેમનો પરિવાર જમીને સુઈ રહ્યો હતો. ત્યારે અચાનક જ રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ પૂરઝડપે એક ફોર વ્હીલર ગાડી તેમના છાપરામાં ઘૂસી ગઈ હતી. ગાડી અંદર ઘૂસતા મુકેશભાઈ અને તેમનો પરિવાર ફસાઈ ગયો હતો. મુકેશ ભાઈએ બુમાબુમ કરતા આજુબાજુના છાપરાવાળા અને આસપાસના લોકો ભેગા થયા હતા જેમને ગાડી ઊંચી કરીને તમામ લોકોને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં મુકેશભાઈને જમણા પગે ઈજા થઈ, જ્યારે તેમના પત્નીને પેટના અને છાતીના ભાગા થઈ છે. મુકેશભાઈના દીકરા-દીકરીને પણ ઈજા પહોંચતા અકસ્માતમાં કુલ ચાર લોકોને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા આઇ ડિવિઝન ટ્રાફિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે સ્થળ પરથી કાર કબજે કરીને કારચાલકની ધરપકડ કરી હતી. અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે જેમાં બેફામ રીતે ચાલી રહેલી કાર છાપરામાં ઘૂસતી દેખાઈ હતી. આ અંગે આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના ઈનચાર્જ પીઆઇ એ.વાય પટેલે જણાવ્યું હતું કે, અકસ્માતમાં ૨ લોકોને ફ્રેક્ચર, એકને માથામાં ઈજા અને એકને સામાન્ય ઈજા પહોંચી હતી. હાલ ત્રણ લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે જ્યારે એકની હાલત સુધારા પર છે.

# સાબરકાંઠામાં ગોઝારો અકસ્માત : ટ્રીપલ અકસ્માતમાં ચાર યુવકોના કમકમાટીભર્યા મોત

હિંમતનગર,

સાબરકાંઠાના ઈડરના રેવાસ નજીક ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર યુવાનના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, તો અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયા છે.



પ્રાપ્ત માહિતી અનુસારા, ગત રાત્રિએ આ બનાવ બન્યો હતો. રેવાસ પાસેની સમાજવાડી પાસે ઈકો, રીક્ષા અને બુલેટ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર એટલી ભયાનક હતી કે, ત્રણ યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. તો એકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જેમાં ઈડરના ભોઈ વાડાના રીક્ષા ચાલક સહીત ચાર યુવાનના મોત નિપજ્યા છે. ઘટના બાદ ઈકો ચાલક ઈકો મૂકીને ભાગી ગયો હતો. બુલેટ ચાલક સહિત બે લોકોને ઈજા પહોંચી છે. તમામ મૃતક અને ઈજાગ્રસ્તોને ઇડર સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. અકસ્માતના બનાવને લઈને પોલીસ સ્થળ બાદ સિવિલ પહોંચી હતી.

દરમિયાન ભરૂચની ઝઘડિયા જીઆઇડીસીમાં આઈશર ટેમ્પો પલ્ટી મારતા ૩૦ ઉપરાંત જેટલા કામદારોને ઈજા પહોંચી હતી. આરતી કંપનીમાંથી કોન્ટ્રાક્ટના કામદારોને પરત લાવતા અકસ્માત સર્જાયો હતો. બ્લેક રોઝ કંપની પાસેના વળાંક પાસે ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ૨૯ કામદારોને અંકલેશ્વર ખાનગી હોસ્પિટલમાં તો વધુ કામદારોને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હોવાની પ્રાથમિક માહિતી છે.

# હીરાની ફેક્ટરીમાં આગમાં ફસાયેલા ૭૦ રત્નકલાકારોનું રેસ્ક્યૂ

## રીજા જેમ્સ ડાયમંડ કંપનીમાં શોર્ટ સર્કિટથી બે માળમાં આગ લાગી, ફાયર વિભાગે ૨ કલાકે આગ પર કાબૂ મેળવ્યો

સુરત,

સુરતમાં આવેલી રિજા જેમ્સ નામની હીરાની કંપનીમાં રાત્રે શોર્ટ સર્કિટથી આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હીરાનું કારખાનું ચાલુ હતું અને આગની ઘટના બનતા રત્નકલાકારોમાં ડરનો માહોલ ઊભો થઈ ગયો હતો. પાંચ માળની હીરા કંપનીનો ત્રીજો અને ચોથો માળ આગની ઝપેટમાં આવી ગયો હતો. જેના પગલે ૭૦થી વધુ રત્નકલાકારો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પાંચ ફાયર સ્ટેશનની બહારથી વધુ ગાડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને રત્નકલાકારોનું પ્રથમ રેસ્ક્યૂ કર્યું હતું અને એક કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. આ સમગ્ર ઘટનામાં કોઈ થવા પામી નથી. મળતી માહિતી પ્રમાણે, સુરતના કાપોદ્રા વિસ્તારમાં કર્મનાથ મહાદેવ મંદિરની સામે વરાછા મેઈન રોડ પર રિજા જેમ્સ નામની ડાયમંડ કંપની આવેલી છે. ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળના બિલ્ડિંગમાં હીરાના કારખાના ચાલી રહ્યા છે. રાત્રે ફાઈલ કંટ્રોલમાં જાણ કરવામાં આવી હતી કે રિજા જેમ્સ ડાયમંડ કંપનીમાં આગનો બનાવ બન્યો છે. જેના પગલે અશ્વિનીકુમાર, મોટા વરાછા, સરથાણા, પુણા અને કાપોદ્રા ફાયર સ્ટેશનની બહાર જેટલી ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

સબ ફાયર ઓફિસર સુધીર ગઢવીએ જણાવ્યું હતું કે, ફાયરનો કાફલો જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે ત્રીજા માળે શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની જાણ થઈ હતી. ત્રીજા માળની અંદર બનાવવામાં આવેલા પ્લાયવુડના પાટેશન આગની ઝપેટમાં આવી ગયા હતા. આગ પ્રસરીને ચોથા માળ સુધી પહોંચી ગઈ હતી. આગની વચ્ચે ફસાયેલા છ જેટલા રત્નકલાકારોને બચાવી લેવામાં આવ્યા હતા. ડાયમંડ કંપનીના પાંચમા માળે બચવા માટે પહોંચી ગયેલા ૭૦થી વધુ રત્નકલાકારો ફસાઈ ગયા હતા. ફાયર વિભાગના જવાનો દ્વારા તાત્કાલિક આગ પર કાબૂ મેળવવાની સાથે રત્નકલાકારોને રેસ્ક્યૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દાદર સુધી પહોંચી ગયેલી અગ્નિ જ્વાળાઓને કાબૂમાં કરીને તમામ રત્નકલાકારોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. ફાયર વિભાગ દ્વારા ઓક્સિજન માસ્ક પહેરીને આંખ પર કાબૂ મેળવવાની ફરજ પડી હતી. કારખાનાની અંદર રહેલા પ્લાયવુડના પાટેશન સહિતનું વાયરીંગ સળગી ઊઠ્યું હતું. જેથી ધુમાડો વધુ હોવાથી ફાયરના જવાનોને પણ મુશ્કેલી પડી હતી. ફાયર બ્રિગેડ દ્વારા બે કલાકથી વધુ સમય આંખ પર કાબૂ મેળવતા થયો હતો. આ સમગ્ર આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની થવા પામી નથી. આગની ઘટનામાં ત્રીજા અને ચોથા માળનું ફર્નિચર અને વાયરીંગ સળગીને ખાખ થઈ ગયું હતું. આ સાથે જ રેસ્ક્યૂ કરવામાં આવેલા તમામ રત્નકલાકારો સહી સલામત હતા. બિલ્ડીંગની અંદર ફાયર સેફ્ટીની સુવિધા હતી. જો કે, વાયરીંગ બળી જવાના કારણે તેનો ઉપયોગ થઈ શક્યો ન હતો.

# રાજ્યમાં રોલિંગ પેપર, સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલના વેચાણ, વિતરણ અને હેરાફેરી પર પ્રતિબંધ

## રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં આ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરાવાયું

ગાંધીનગર,

આ રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનમાં ટાઈટેનિયમ ઓક્સાઇડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટિફિશિયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક

રાજ્યના ગૃહ વિભાગે કેટલાક યુવાઓ દ્વારા કરવામાં આવતા નશાને રોકવા માટે એક મહત્વપૂર્ણ અને તાત્કાલિક નિર્ણય લીધો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૬૩(૨) અને ૧૬૩(૩) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતમાં રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓના સંગ્રહ, વેચાણ, વિતરણ અને હેરાફેરી પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે.

યુવાઓ દ્વારા અલગ અલગ પ્રકારના નશાયુક્ત માદક પદાર્થોના સેવન માટે રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ગંભીર બાબત ધ્યાને આવતા આ બાબતે બારીક અભ્યાસ કરીને ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં સ્પષ્ટ જણાવાયું છે કે, આ રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનમાં ટાઈટેનિયમ ઓક્સાઇડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટિફિશિયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.

ગૃહ વિભાગના જાહેરનામા મુજબ હવે રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં આ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરવાનું રહેશે. આ આદેશનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (BNS) ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# ‘હિંસા મુક્ત’ માહોલ માટે પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચનું મેગા ઓપરેશન

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં મહિલાઓ સામે થતા હિંસા, છેડછાડ, શોષણ તથા અન્ય ગુનાઓને અટકાવવાના હેતુસર અને કડક કાનૂની કાર્યવાહી સાથે સામાજિક જાગૃતિ ફેલાવીને મહિલાઓને સુરક્ષિત અનુભવ કરાવવા માટે ડિસેમ્બર મહિના દરમિયાન મહિલા સેલ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સંયુક્ત રીતે એક વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઈવમાં અશ્લીલ હરકત અને અયોગ્ય વર્તન બદલ ૪૪ ગુના અને ફેન્સી નંબર પ્લેટના ૭૦ ગુના નોંધવામાં આવ્યા છે.



આ વિશેષ ડ્રાઈવના ભાગરૂપે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં અચાનક ચેક પોઈન્ટો ઉભા કરવામાં આવ્યા છે. ચેકિંગ દરમિયાન વાહન તપાસ કરવામાં આવી રહ્યા છે. તેમજ અસામાજિક તત્વો અને અશ્લીલ તથા અયોગ્ય વર્તનમાં સંડોવાયેલા વ્યક્તિઓ સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરીથી જાહેર સ્થળોએ શિસ્ત અને કાયદાનો ભય જળવાઈ રહે તેવો મુખ્ય ઉદેશ રાખવામાં આવ્યો છે.

ડ્રાઈવ દરમિયાન ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૭૦ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૧૦ અને ૧૧૭ હેઠળ કુલ ૪૪ ગુનાઓ નોંધવામાં આવ્યા છે અને સંબંધિત આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત, તપાસ દરમિયાન ૭૦ કરતાં વધુ શંકાસ્પદ ફેન્સી વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બને અને શહેરમાં જાહેર વ્યવસ્થા સુદ્દઢ રહે તે માટે આ વિશેષ ડ્રાઈવ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

# ઘોઘા, મામસા અને ચિત્રામાં ૩૬ ટીમો દ્વારા વીજ ચેકીંગ

## સ્થાનિક ઉપરાંત ચાર જિલ્લાના વીજ અધિકારીઓના કાફલા દ્વારા આજે વ્હેલી સવારથી પોલીસ બંદોબસ્ત તળે હાથ ધરાયું વીજ ચેકીંગ, ગઈ કાલે ચેકિંગમાં ૬૨ ગ્રાહકોને રૂપિયા ૨૧.૬૯ લાખનો દંડ ફટકારાયો

ભાવનગર,તા.૧૭

પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા ભાવનગર શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી લાગલગાટ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે અને વીજ ચોરો સામે તવાઈ આવી છે, ગઈકાલે ૬૨ જોડાણમાંથી રૂપિયા ૨૧ લાખથી વધુની વીજ ચોરી ઝડપી લીધા બાદ આજે સીટી ૨ ડિવિઝનના ઘોઘા મામસા અને ચિત્રામાં કાફલા દ્વારા સવારથી જ પોલીસ બંદોબસ્ત સાથે સઘન ચેકિંગ હાથ ધરાયું છે અને અનેક વીજ ચોરો તથા ગેરરીતિના કિસ્સા ધ્યાને ચડ્યા છે, જેને બિલ ફટકારી દંડ વસૂલવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

ભાવનગર પી.જી.વી.સી.એલ. સર્કલ કચેરી નીચેના વિસ્તારોમાં કોર્પોરેટ ટીમો દ્વારા વીજ ચેકિંગની કાર્યવાહી સતત થઈ રહી છે. મંગળવારે પી.જી.વી.સી.એલ.ના પાલિતાણા ડિવિઝનમાં આવતા તળાજા અને પાલિતાણા તાલુકાના તળાજા-૧, તળાજા-૨, પીથલપુર અને ઘોડીઢાળ સબ ડિવિઝન નીચેના તળાજા શહેર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાંથી વીજ ચોરીમાં પકડાયેલા કુલ ૬૨ ગ્રાહકોને રૂ.૨૧.૬૯ લાખનો દંડ ફટકારાયો છે.

પાલિતાણા ડિવિઝન નીચેના વિસ્તારોમાં PGVCLની કોર્પોરેટ અને સ્થાનિક મળી કુલ ૩૧ ટીમોના કાફલા સાથે ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી.

વીજ ચેકિંગના દરોડામાં તળાજા-૧, તળાજા-૨ અને પીથલપુર સબ ડિવિઝન નીચેના તળાજા શહેર ઉપરાંત નાની બાબરીયાત, ટીમાણા, દકાના અને સખવદર ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંકી તેમજ વાણિજ્ય શ્રેણીના વીજ જોડાણોની તપાસ કરવામાં આવી હતી.

પાલિતાણા ડિવિઝનમાં વીજ ચેકિંગના દરોડામાં તળાજા પંથક ઉપરાંત પાલિતાણા તાલુકાના ઘોડીઢાળ સબ ડિવિઝન નીચેના સેંજળીયા અને મોખડકા ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંકી અને વાણિજ્ય શ્રેણીના વીજ જોડાણોની તપાસ કરાઈ હતી. તળાજા અને પાલિતાણા તાલુકામાં વીજ ચેકિંગના દરોડામાં PGVCLના ૯૩ કર્મચારીઓની કાર્યવાહીથી વીજ ચોરોમાં ભય ફેલાયો હતો.

જયારે આજે બુધવારે સવારથી વીજ તંત્રની ૩૬ ટીમો દ્વારા સિટી ૨ ડિવિઝનમાં ઘોઘા, મામસા અને શહેરના ચિત્રામાં ઘર વપરાશ, કોમર્શિયલ ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ વીજ જોડાણો ચકાસવામાં આવી રહ્યા છે. પોલીસ બંદોબસ્ત તળે ભાવનગર ઉપરાંત અમરેલી, બોટાદ અને સુરેન્દ્રનગર મળી ૪ જિલ્લાના અધિકારી, કર્મચારીનો કાફલો જોડાયો છે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ સાથે રાખવામાં આવ્યો છે.

# ઈમ્પેક્ટની મુદતમાં ફરી વધારો : ગેરકાયદે બાંધકામોને રેગ્યુલાઈઝ કરવા વધુ એક તક

## ભાવનગર મહાપાલિકાએ ઈમ્પેક્ટ યોજનામાં ૩૩.૭૬ કરોડની આવક મેળવી: જોકે, હજુ અનેક મિલ્કતો રેગ્યુલાઈઈઝ નહિ થયાની સંભાવના

ભાવનગર,તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા માટે ત્રણ વર્ષથી ઈમ્પેક્ટનો કાયદો અમલમાં મૂક્યો છે. જેમાં મુદત પૂરી થતાં વધુ એક મુદત છ મહિના માટે અરજી માટેની સમય મર્યાદા વધારવામાં આવી છે. આથી ગેરકાયદે બાંધકામોને રેગ્યુલાઈઝ કરવા વધુ એક તક સાંપડી છે.

ભાવનગર સહિત ગુજરાત રાજ્યમાં અનેક બાંધકામો મંજૂરી વગર મૂળ બાંધકામમાં વધારો કર્યો છે તો ઘણા બાંધકામોમાં પહેલેથી જ મંજૂરી વગરના ગેરકાયદે છે. તે પૈકી મંજૂરી મળી શકે તેવા ગેરકાયદે બાંધકામોને કાયદેસર કરવા માટે સરકારે ગત ૧૭ મી ઓક્ટોબર ૨૦૨૨ થી ઈમ્પેક્ટનો કાયદો અમલમાં મૂક્યો હતો. પરંતુ શરૂઆતમાં જોઈએ તેટલો લોકોએ ઉત્સાહ નહી દેખાડતા સમયાંતરે તેની મુદતમાં વધારો કરવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં પાંચ થી છ વાર ઈમ્પેક્ટની સમય મર્યાદા વધારવામાં આવી છે.

ડિસેમ્બર મહિનામાં તેની મુદત પૂર્ણ થતા ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવાના વટહુકમના અનુસંધાને ૧૫મી ડિસેમ્બરના નોટિફિકેશનથી ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવાની અરજીની સમય મર્યાદા ૧૭મી ડિસેમ્બર ૨૦૨૫ થી છ મહિના એટલે કે ૧૬ મી જુન ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને પદ્ધતિથી અરજદારો ૧૬ મી જુન સુધી ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવાની અરજી કરી શકે છે.

### મહાપાલિકાએ ઈમ્પેકટ યોજનામાં ૨૨૯૦ અરજી મંજુર કરી

ભાવનગર કોર્પોરેશનના ટાઉન ડેવલપમેન્ટ અને ટાઉન પ્લાનિંગ વિભાગ હસ્તક ૧૭ મી ઓક્ટોબર ૨૦૨૨ થી અત્યાર સુધીમાં ૫૪૧૫ અરજીઓ બાંધકામોને કાયદેસર કરવા માટે આવી હતી. જે પૈકી ૨૨૯૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. અન્યની પૂર્તતા માટેની પ્રક્રિયા શરૂ છે. ઈમ્પેક્ટ હેઠળ કોર્પોરેશનના ટાઉન ડેવલપમેન્ટ અને ટાઉન પ્લાનિંગ વિભાગને ૩૩ કરોડ ૭૬ લાખ રૂની આવક થઈ છે. પ્રજા માટે આગામી ૬ મહિના ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવાની તક સરકાર દ્વારા આપી છે.

# અધ્યાપકોના વિવિધ પડતર પ્રશ્નોનો સુખદ ઉકેલ આવતા મહામંડળ થયું રાજીરાજી !

## ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના હોદેદારોએ ભજપ પ્રદેશ અધ્યક્ષ વિશ્વકર્માને મળી આભાર વ્યક્ત કર્યો



ભાવનગર,તા.૧૭

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના હોદ્દેદારોએ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માને મળી શુભેચ્છાઓ પાઠવી સાથોસાથ અધ્યાપકોના વિવિધ પડતર પ્રશ્નોના સુખદ ઉકેલ બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

તાજેતર સરકાર દ્વારા વિવિધ પ્રશ્નોનો ઉકેલ લોકશાહી રુપે લાવવામાં આવ્યો અને અનેક શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીને તેનો લાભ આપવામાં આવ્યો સરકાર દ્વારા મહત્વના જે નિર્ણયો લેવામાં આવ્યા તેમાં, ગ્રાન્ટ ઈન એડ કોલેજમાં ફિક્સ પગાર મેળવતા અધ્યાપક સહાયકોના પગારમાં ૩૦% નો પગાર વધારો, અધ્યાપક સહાયકોની ફિક્સ પગારની નોકરી બઢતી, ઉચ્ચ પગાર ધોરણ અને નિવૃત્તિ વિષયક લાભ માટે નોકરી સળંગ ગણવી, અધ્યાપક સહાયકો તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓને માંદગી રજાનો લાભ આપવો, ગ્રેજ્યુટીમાં રૂ. ૫ લાખનો વધારો કરીને કુલ ગ્રેજ્યુટી રૂ. ૨૫ લાખ કરવાનો ત્વરિત અમલ, ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો મરામતના કારણસર બંધ કરવામાં આવેલી હોય તો તેવા અધ્યાપકોને ફાજલ ન કરીને ટ્રાન્સફર (ડેપ્યુટેશન) પર મુકવા બાબતે, ગ્રાન્ટેડ કોલેજ સરકાર હસ્તક કરીને કોલેજો બંધ થતી અટકાવવા બાબત, અધ્યાપક સહાયકોની CAS હેઠળ મળવાપાત્ર પ્રમોશન અંગેનો ઠરાવ, CAS માટે જરૂરી OP /RC કોર્ષ પૂર્ણ કરવાની મુદતમાં વધારો કરવો, રાજ્ય ની ૨૮ ગ્રાન્ટેડ લૉ કોલેજ બંધ ન થાય તે માટે ૧૧ કરોડ જેટલી રકમ રાજ્ય સરકાર દ્વારા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ભરી કોલેજો ને બંધ થતી અટકાવવા બાબતે, ફિક્સ પગારથી કાર્યરત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી માટે પિતૃત્વ રજા માટેનો નિર્ણય વગેરે અન્ય નાના મોટા પ્રશ્ને બાબતે ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ દ્વારા રાજ્ય સરકારને કરવામાં આવેલ રજૂઆતોના સુખદ ઉકેલ લાવવામાં આવ્યો છે.

આ મુલાકાતમાં ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના પ્રમુખ પ્રોફે. રાજેન્દ્ર જાદવ, મહામંત્રી ડૉ. શશીકાંત તેરૈયા, ખજાનચી પ્રો.બાબુભાઈ ચૌધરી, ઉપ પ્રમુખ ડૉ. કેસરભાઈ ચૌધરી, ડૉ. રામ ભાઈ નંદાણીયા તથા લો કોલેજના પ્રતિનિધિ ડૉ. અંકિત રામી, ડૉ. ઓમ પ્રકાશ પાંડે, ડૉ. રાધેશ્યામ દુબે પણ હાજર રહ્યા હતા.

# ખેલ મહાકુંભમાં સ્કેટિંગમાં પંડ્યા જૈનીલની સિદ્ધિ





ભાવનગરે,તા.૧૭ખેલ મહાકુંભમાં સ્કેટિંગમાં સ્વામિનારાયણ ગુરુકુળની સિદ્ધિ .ભાવનગર ખેલ મહાકુંભ ૨૦૨૫ -૨૬ સ્કેટિંગ સ્પર્ધામાં શાળાનો વિદ્યાર્થી પંડ્યા જૈનીલ જીતેશભાઈએ ઈન લાઈનીંગ કેટેગરીમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે તેઓએ સુરનિવાસ પંડ્યા પરિવાર તથા શુક્લ પરિવાર ભંડારીયાનું ગૌરવ વધારેલ છે

# છાપરીમાં પ્રથમવાર ST આવતા ગ્રામજનોએ ફૂલહાર અને શ્રીફળથી સ્વાગત કર્યું

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના છાપરી ગામમાં પ્રથમવાર ST બસ સેવા શરૂ થઈ છે. આ બસ તળાજાથી હાજીપર, ઘાણા થઈને છાપરી સુધી જશે. ગામમાં બસના આગમન પર ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ બસના ડ્રાઈવર અને કંડક્ટરને ફૂલહાર પહેરાવી, કુમકુમ તિલક કરી અને શ્રીફળ વધેરીને આવકાર્યા હતા. મોટી સંખ્યામાં લોકો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા ઉપસ્થિત રહ્યા હતા.

આ બસ સેવા તળાજાથી સવારે ૯:૩૦ કલાકે અને સાંજે ૫:૦૦ કલાકે ઉપડશે. લાંબા સમયથી સરકારી પરિવહન સુવિધાથી વંચિત છાપરી ગામના લોકોને હવે મુસાફરીમાં પડતી મુશ્કેલીઓમાંથી રાહત મળશે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા જાહેર જનતાને આ નવી બસ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાદગી, ન્યાય અને પ્રજાપ્રેમના પ્રતિક હતા રાજકોટના રાજવી લાખાજીરાજસિંહ બીજા



લાખાજીરાજસિંહ બીજા રાજકોટ રાજ્યના પ્રજાવત્સલ અને સુધારાવાદી રાજવી તરીકે જાણીતા હતા. તેમની જન્મ જયંતિએ તેમના લોકહિતકારી કાર્ય અને દુરંદેશી નેતૃત્વને સ્મરણ કરવામાં આવે છે. તેઓ સૌરાષ્ટ્રના એવા શાસક હતા જેમણે પ્રજાના હક, શિક્ષણ અને ન્યાયને સર્વોચ્ચ સ્થાન આપ્યું. તેમના શાસનકાળમાં રાજકોટમાં શિક્ષણનો વ્યાપ વધ્યો, શાળાઓ અને જાહેર સંસ્થાઓને પ્રોત્સાહન મળ્યું અને સમાજસુધારાના પ્રયાસો થયા.લાખાજીરાજસિંહ બીજા પ્રેસની સ્વતંત્રતા અને વિચારસ્વાતંત્ર્યના સમર્થક હતા. તેમણે અન્યાય અને ભેદભાવ સામે અવાજ ઉઠાવવાની હિંમત બતાવી, જે સમયના રાજવી માટે અસાધારણ ગણાય છે. પ્રજાની સુખાકારી માટે તેમણે કરવ્યવસ્થા સરળ બનાવી અને ન્યાયિક વ્યવસ્થામાં પારદર્શિતા લાવવાનો પ્રયત્ન કર્યો.તેઓ સાદગી, ન્યાય અને પ્રજાપ્રેમના પ્રતિક હતા. તેમની નીતિઓએ રાજકોટને પ્રગતિશીલ રાજ્ય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. લાખાજીરાજસિંહ બીજાની જન્મ જયંતિ આપણને સત્તાનો ઉપયોગ લોકસેવા માટે કરવો જોઈએ તેવો અમૂલ્ય સંદેશ આપે છે અને યુવા પેઢીને ન્યાય, સાહસ અને સેવાભાવની પ્રેરણા આપે છે. ( -બળદેવસિંહ ગોહિલ, ભાવનગર )

# શુક્રવારથી ત્રણ દિવસ જવાહર મેદાનમાં સ્વદેશી સશક્ત નારી મેળો

## જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે મેળો ખુલ્લો મુકાશે

ભાવનગર,તા.૧૭

આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્ત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના વિઝનને સાકાર કરવા ગુજરાતના વિકાસમાં મહિલાઓના યોગદાનને પ્રદર્શિત કરવા, ઉજવણી કરવા અને સશક્ત કરવા માટે રાજ્યભરમાં "સશક્ત નારી મેળા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વદેશી અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તા. ૧૯થી ૨૧ ડિસેમ્બર દરમિયાન જવાહર મેદાન ખાતે ત્રિ-દિવસીય સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળાને ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રીકૌશિકભાઈ વેકરીયાના હસ્તે તા.૧૯ ડિસેમ્બરના રોજ ખુલ્લો મુકવામાં આવશે. આ મેળામાં કુલ ૧૦૦ સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે, જેમાં જિલ્લાની મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા સામગ્રી અને અન્ય ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ થશે.આ મેળા દ્વારા પાયાના સ્તરે થઈ રહેલા પરિવર્તનકારી બદલાવને ઉજાગર કરી મહિલાઓને નવી તકો પૂરી પાડવામાં આવશે. આ મેળો મહિલાઓની આત્મનિર્ભરતા, આર્થિક સશક્તિકરણ અને ઉદ્યોગસાહસિકતાને વધુ પ્રોત્સાહન આપશે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યવ્યાપી સ્તરે તા.૧૧થી ૨૩ ડિસેમ્બર "સશક્ત નારી મેળા" નું આયોજન કરાયુ છે. આ મેળાનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા.૧૧ ડિસેમ્બરના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેથી કરાયો હતો.

# યુનિવર્સિટીના સર્વ સત્તા મંડળની નિર્ણાયક બેઠકમાં મહત્વના નિર્ણયો થવા સંભવ

## ઈસીમાં ટીચીંગ, નોન ટીચીંગની મોટી ભરતીનું ઓર્ડીનન્સ મંજૂર કરાશે તો બોર્ડમાં સીંગલ સંવર્ગની ભરતી અંગે નિર્ણય થશે

ભાવનગર,તા.૧૭

મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીમાં તા.૧૮ના રોજ એક જ દિવસમાં ઇ.સી. અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ એમ બન્ને સત્તા મંડળની બેઠકો તબક્કાવાર મળનારી છે જેમાં મોટી ભરતીના નિયમોને મંજૂર કરવા તેમજ દિવ્યાંગ કેટેગરીના સીગલ સંવર્ગ સહિતની ભરતી અંગે પણ નિર્ણયો કરવામાં આવે તેવી પૂર્ણ સંભાવના જોવાય છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગરમાં સર્વ સત્તા મંડળની બે મહત્વની બોડીની બેઠક મળનારી છે. જેમાં કેટલીક અગત્યની બાબતો અંગે ચર્ચા કરી નિર્ણયો લેવાશે. એક્ઝીક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં રોસ્ટર પ્રમાણીત થતા ભરતીનો માર્ગ મોકળો બન્યો છે ત્યારે ટીચીંગ-નોન ટીચીંગ ભરતીના નિયમો અંગેનું તૈયાર કરેલ ઓર્ડીનન્સ પર ચર્ચા વિચારણા કરાશે. તો કેટલીક કોલેજોના પ્રાધ્યાપકોને બહાલી આપવા સહિતના મુદ્દા પર નિર્ણય લેવાશે. જ્યારે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં દિવ્યાંગ કેટેગરીની ભરતી, નવા જોડાણોના એમ.ઓ.યુ. અંગે ચર્ચા તેમજ સંચાલિત ત્રણે કોલેજોના આચાર્યની નિમણૂક અંગેના પણ નિર્ણયો પણ સંભવતઃ લેવાશે. આમ સાત બાબતો ઉપરાંત કેટલીક બાંધકામ વિભાગના મહત્વના નિર્ણયો લેવામાં આવશે. એક તબક્કે શામળદાસ આર્ટસ કોલેજમાં ચાર ઉમેદવાર, એમ.જે. કોમર્સ કોલેજમાં બે ઉમેદવાર અને સર પી.પી. સાયન્સ કોલેજમાં ત્રણ ઉમેદવાર આચાર્ય પદ માટે ક્લોવીફાઈડ થયા છે જે પૈકીની નિમણૂક કરવાનો નિર્ણય કરવામાં આવે તેવી સંભાવના છે.

# તંત્રએ આળસ મરડી : અમૂલ દૂધ, છાશના વધુ ભાવ લેતા બે વેપારીને ૧૦ હજાર દંડ

## ચકાસણી મુદ્રાંકન ન કરનાર બે પેટ્રોલ પંપને ૧૨ હજારનો તેમજ એક હોટલને ૧૦ હજારનો દંડ કરાયો

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેર જિલ્લામાં જુદા જુદા વેપારીઓને ત્યાં ભાવનગર તોલમાપ કચેરીના અધિકારી, કર્મચારીઓ દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન ૩૮૭ જેટલા વેપારીઓને ત્યાં નિરીક્ષણ હાથ ધરાયું હતું. તેમજ ચાલુ માસ દરમિયાન ચકાસણી પાત્ર વાર્ષિક તેમજ દ્વિવાર્ષિક ઈલેક્ટ્રીક તેમજ મીકેનીક વજન માપ સાધનોની ખરાઈ કરી, ચકાસણી મુન્દ્રાકન ફી વસુલ કરવામાં આવી હતી. તેમજ શહેર અને જિલ્લામાં અમુલ દુધ, છાશની છાપેલી કિંમત કરતા વધુ ભાવ લેતા બે વેપારીઓ દંડાયા હતા. આ સિવાય પેટ્રોલપંપ, શાકભાજી, ફ્રુટના વેપારીઓને ત્યાં ચકાસણી કરવામાં આવતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.તોલમાપ કચેરી દ્વારા ૩૮૭ જેટલા વેપારીઓને ત્યાં નિરક્ષણ હાથ ધરી, ઈલેક્ટ્રીક તેમજ મીકેનીક વજન માપ સાધનોની ખરાઈ કરી, ચકાસણી ફી પેટે રૂા. ૬,૭૯,૬૨૫ વસુલાયા હતા. તેમજ વજન માપ સાધનોની ખરાઈ માટે તારીખ પૂર્ણ થયા બાદ રજુ કરેલ વેપારીઓ પાસેથી લેટ ફી પેટે રૂા. ૨૬૩૨૦ વસુલાયા હતા. ઉપરાંત ૭૫૯ વજન માપ સાધનોની ખરાઈ કરી, ચકાસણી મુદ્રાંકન કરાયા હતા.માસ દરમિયાન પી.સી.આર.ના અને વજન માપના કુલ ૧૧ કેસો કરી રૂા. ૪૧,૫૦૦નો દંડ વસુલાયો હતો. ઉપરાંત તોલમાપ કચેરી દ્વારા નિયત સમયમાં ચકાસણી મુદ્રાંકન ન કરનાર બે પેટ્રોલંપપને રૂા. ૧૨,૦૦૦નો દંડ તેમજ એક હોટલને રૂા. ૧૦,૦૦૦ અને ફ્રુટ અને શાકભાજીના છ ફેરીયાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરાઈ હતી. અને અમુલ દુધ અને છાશની એમ.આર.પી. કિંમત કરતા વધુ ભાવ લેવા જણાઈ આવતા બંન્ને વેપારીઓને રૂા. ૧૦,૦૦૦નો દંડ ફટકારી કાર્યવાહી કરાઈ હતી. અત્રે ઉલ્લેખનિય છે કે શહેર અને જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં દૂધ અને દહીંની કોથળી પર છાપેલી કિંમતથી થોડા વધુ ભાવો લેવાતા હોય છે.

# દક્ષિણામૂર્તિમાં સ્વયંપાક કાર્યક્રમ યોજાયો



શહેરની દક્ષિણામૂર્તિ વિનય મંદિરમાં 'સ્વયંપાક' કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં મેનેજમેન્ટ, એડજસ્ટમેન્ટ, પરિવાર ભાવના,આત્મીયતા,રસોઈ બનાવવાના કૌશલ્યો વિકસે તેવા શુભાશય સાથે "સ્વયંપાક" જીવનનો યાદગાર પ્રસંગ બની રહે તે માટે શાળાના તમામ વર્ગના વિધાર્થીઓ ક્રમશઃ ભાગ લેશે. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભાવનગરના ઈ. આઈ.કિરીટભાઈ સુવા ખાસ ઉપસ્થિત રહી ખુલ્લો મૂકી વિધાર્થીઓ સાથે ભોજનનો સ્વાદ ચાખી રાજીપો વ્યક્ત કરી વિધાર્થીઓ,માર્ગદર્શક શિક્ષકો અને શાળાના આચાર્ય પીઠાભાઈ કોડિયાતરને આવી કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓ કરાવવા મોકળું મેદાન આપવા બદલ શુભેચ્છા આપેલ.

# બરવાળા પોલીસે રૂ.૭.૨૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો







તસવીર : વિપુલ લુહાર

બરવાળા,તા.૧૭

ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર અને બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા અને બોટાદ હ્રૂજી મહર્ષિ રાવલના માર્ગદર્શન હેઠળ બરવાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ ડામવા માટે આ સફળ કાર્યવાહી કરવામાં આવી છે.જેમાં બરવાળા પોલીસ સ્ટેશનના PI એન.વી. વસાવા અને તેમનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ચોક્કસ બાતમી મળેલ કે મારૂતિ સુઝુકી કંપનીની સુપર કેરી ગાડી રજી.નં. GJ-15-AT-6993માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીને ધંધુકા તરફથી બરવાળા તરફ આવી રહી છે.આ બાતમીના આધારે પોલીસે બરવાળા ગામે ખોડીયાર મંદિર પાસે વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસ દ્વારા બાતમી વાળી ગાડીને અટકાવી તપાસ કરતા તેમાંથી વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટના ઇંગ્લિશ દારૂની કુલ ૧૫૯૬ બોટલો રૂ.૪,૨૭,૨૦૦ની કિંમતની ૧૫૯૬ દારૂની બોટલ તેમજ રૂ. ૩,૦૦,૦૦૦ની કિંમતની મારૂતિ સુઝુકી સુપર કેરી ગાડી અને રૂ. ૧,૦૦૦નો એક મોબાઈલ ફોન પણ મળી આવતા જપ્ત કરવામાં આવ્યો હતો. કુલ રૂ. ૭,૨૮,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ મામલે એક આરોપીની ધરપકડ કરીને તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)


સૌરાષ્ટ્ર આસપાસ

# વિશ્વની ભૂખ સંતોષશે અનાજનો વિક્રમી ભંડાર

આજે જ્યારે ભારતના ખેડૂતો અતિવૃષ્ટિ અને અનિયમિત હવામાનના મારથી ભારે નુકસાન વેઠી રહ્યા છે અને રાહત પેકેજોની જરૂરિયાત ઊભી થઈ છે, ત્યારે વૈશ્વિક સ્તરેથી આવતા એક અહેવાલે વિશ્વને આવરી લેતી નિરાશાના વાદળો વચ્ચે આશાનું એક મજબૂત કિરણ ફેલાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (ફાઓ) ના તાજા અહેવાલ મુજબ, આગામી વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક અનાજ ઉત્પાદન એક નવા જ ઐતિહાસિક રેકોર્ડ સ્તરે પહોંચવાનો અંદાજ છે. મોંઘવારી, આબોહવા પરિવર્તન સંબંધિત આપત્તિઓ અને ખાદ્ય અસુરક્ષાના વિશ્વવ્યાપી પડકારોની પૃષ્ઠભૂમિમાં, આ સમાચાર ખરેખર જનહિત અને આર્થિક સ્થિરતા માટે મહત્વપૂર્ણ અને દયસ્પર્શી છે.

આ આંકડાઓ માત્ર કાગળ પરના અંકો નથી, પરંતુ તે વિશ્વની ભૂખ અને કુપોષણથી પીડાતી મોટી વસ્તી માટે સાચા અર્થમાં રાહતનો સંદેશ છે. અહેવાલ સૂચવે છે કે ૨૦૨૫માં વૈશ્વિક અનાજ ઉત્પાદન ૪.૪ ટકાના નોંધપાત્ર દરથી વધીને ૨૯૯ કરોડ ટનના વિક્રમી સ્તરે પહોંચી શકે છે. આ વધારો માત્ર એક જ અનાજ પૂરતો સીમિત નથી, પરંતુ ઘઉં, મકાઈ અને ડાંગર (ચોખા) ત્રણેય પ્રમુખ અનાજના ઉત્પાદનમાં વધારો થવાની આશા છે. જવ જેવા અન્ય અનાજ ની પેદાશ પણ વધશે. જોકે, સૌથી વધુ વૃદ્ધિ મકાઈના પાકમાં અપેક્ષિત છે, જ્યારે ડાંગર પણ ઓછી વૃદ્ધિ સાથે વિક્રમી ઉત્પાદન નોંધાવશે. આ બહુવિધ અનાજના ઉત્પાદનમાં થતો વધારો વૈશ્વિક ખાદ્ય સુરક્ષાની મજબૂતાઈ દર્શાવે છે.આ સારા ઉત્પાદન સીધો અને સૌથી મોટો લાભ બજારમાં ઘટતી કિંમતોના રૂપમાં જોવા મળશે. જ્યારે પુરવઠો વધે છે, ત્યારે કિંમત સામાન્ય રીતે સ્થિર થાય છે કે ઘટે છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને સીધો ફાયદો થાય છે. ઘટતી કિંમતો અનાજના વપરાશને પણ પ્રોત્સાહન આપશે. અંદાજ છે કે ૨૦૨૫-૨૬માં વૈશ્વિક અનાજ વપરાશ ૨૯૨.૯ કરોડ ટન સુધી પહોંચી શકે છે, જે ગયા વર્ષ કરતાં લગભગ ૧.૮ ટકા વધુ છે. આ વપરાશમાં વધારો માત્ર માનવ ખોરાક તરીકે જ નહીં, પરંતુ પશુઓના ચારા તરીકેના ઉપયોગમાં પણ થવાનો છે. પરિણામે, અનાજનો સંગ્રહ અથવા ભંડાર પણ વધીને ૯૧.૬ કરોડ ટનના વિક્રમી સ્તરે પહોંચી જશે, જે ૨૦૧૭-૧૮ પછીનું સૌથી ઊંચું સ્તર હશે. અનાજનો આ વિશાળ ભંડાર ભવિષ્યના આબોહવા આંચકાઓ સામે વિશ્વને એક મજબૂત બફર પૂરો પાડશે.ઉત્પાદન અને ભંડારમાં વૃદ્ધિની સાથે વૈશ્વિક અનાજ વેપારમાં પણ સુધારો થવાની આશા છે. ૨૦૨૫-૨૬માં અનાજનો વેપાર ૩.૨ ટકા વધીને લગભગ ૫૦ કરોડ ટન સુધી પહોંચવાનો અંદાજ છે. ખાસ કરીને ઘઉંનો વેપાર તો ૫.૧ ટકાના દરથી વધીને એક નવા સીમાચિહ્ન પર પહોંચવાની શક્યતા છે. એશિયાઈ દેશોમાં ઘઉંની સતત વધતી માંગ આ વૃદ્ધિનું મુખ્ય ચાલક બળ બનશે. દુનિયાના અનાજ બજાર માટે એક બીજો અત્યંત સુખદ સમાચાર એ છે કે વિવિધ દેશો દ્વારા અનાજની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધો અને નિયંત્રણો હવે ધીમે ધીમે હળવા થઈ રહ્યા છે. આર્જેન્ટિના, ભારત અને રશિયા જેવા મુખ્ય નિકાસકાર દેશોએ નિકાસ પરના નિયંત્રણો ઘટાડવાનું શરૂ કરી દીધું છે. આ શિથિલતા વૈશ્વિક ખાદ્ય પુરવઠા સાંકળને મજબૂત બનાવશે અને બજારમાં પારદર્શિતા લાવશે.આ આશાવાદી સંકેતો સ્પષ્ટપણે સૂચવે છે કે ૨૦૨૫નું વર્ષ વિશ્વ માટે ખાદ્ય સુરક્ષા અને આર્થિક સ્થિરતા લાવવાનું વર્ષ બની શકે છે. ઉત્પાદન વધારાનો આ માર્ગ પશુપાલન અને ડેરી ઉદ્યોગને પણ ગતિ આપશે, જેનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને બળ મળશે. એ સાચું છે કે ભારત જેવા દેશોમાં સ્થાનિક સ્તરે કૃષિને હવામાનના ઉતાર-ચઢાવથી નુકસાન થયું છે, પરંતુ વૈશ્વિક સ્તરે કૃષિનું ચિત્ર સુધરી રહ્યું છે. આ સુધારો માત્ર આંકડાઓ સુધી મર્યાદિત નથી, તે માનવીય ભલાઇ અને સમૃદ્ધિ સાથે સીધો સંકળાયેલો છે.

# ચાલ જીવી લઈએ, કુદરતનાં ખોળે



## ક્લિક કોર્નર

- જતીન ડી. ઘેલાણી,

હાલના સમયમાં જીવવું બહુ સહેલું પણ છે અને એટલું અઘરું પણ જરૂર છે જ. જીવનમાં દરેક જીવને કોઈને કોઈ પ્રશ્ન તો હોય જ છે પણ તેનું સમાધાન પણ હોય જ છે. પણ અહીં વાત કુદરતનાં ખોળે જીવવાની વાત છે જ્યાં જીવનની દરેક વાતનું સમાધાન હોય છે બસ આપણે તેનાં ખોળે જઈને બેસવું પડે. કુદરતનાં ખોળે સૂર્ય, ચંદ્ર, પ્રાણવાયું, જળ, જમીન જેવું બધું જ છે બસ આપણે ઘરની ચાર દીવાલની બહાર જઈને તેનાં ખોળે બેસવું પાસે અને પછી બધી જવાબદારી ઈશ્વરની, કુદરતની, પ્રકૃતિની અને એટલે જ કહેવું સહેલું છે કે ચાલ જીવી લઈએ.

# સાત જ દિવસમાં શરીરનો સ્ટેમિના વધારવાનો સચોટ નુસખો

શિયાળાની મસ્ત-મસ્ત મોસમ છે. આ એવી ઋતુ છે જેમાં બધુ જ સરસ અને સુંદર લાગે છે. હવામાન ખુશનુમા બની જાય છે. એટલે સ્વાભાવિક છે કે કોઈને પણ કુદરતનો ખોળો ખુંદવાનું મન થાય. શિયાળામાં લાંબો વીકએન્ડ આવે એટલે આપણે નજીકના હિલ સ્ટેશન જવાનો પ્લાન બનાવીએ. ઘરમાં ટુર પર જવાની તૈયારીઓ થવા માંડે અને અચાનક તમે વધુ પડતો થાક અનુભવવા લાગે. શરીર ઢીલુઢફ થઈ જાય અને એને લીધે તમે ફરવા જવાનો પ્લાન પડતો મૂકો. શું તમે અવારનવાર આવો થાક અનુભવો છો? આ ભયસૂચક સંકેત છે.

તમને શરદી કે તાવ જેવી મામૂલી બિમારીમાંથી બેઠા થતા લાંબો સમય લાગતો હોય તો એ પણ ચેતવા જેવું લક્ષણ છે. આ બંને સ્થિતિ એવું સૂચવે છે કે તમારો સ્ટેમિના (શારીરિક બળ) ઓછો થઈ ગયો છે. નોર્મલ લાઈફ જીવવામાં સ્ટેમિના અગત્યનો ભાગ ભજવે છે. શરીરમાં પુરતી શક્તિ અને ઉર્જા ન હોય તો વ્યક્તિને પોતાનું રુટીન કામકાજ, લોકો સાથે હળવામળવાનું અને હળવી એકસરસાઈઝ કરવાનું પણ મોટો પહાડ ચડવા જેવું લાગે છે. આવું કોઈની પણ સાથે બની



શકે છે. એમાં ગભરાવાની જરૂર નથી. અમુક કુદરતી વસ્તુઓ આપણાં રોજિંદા ખોરાકમાં સામેલ કરીને એક સપ્તાહમાં જ સ્ટેમિના પાછો મેળવી શકાય છે એ ચમત્કારી ચીજો આ રહી :

૧) શક્કરીયા : રતાળુ અથવા શક્કરીયા કાર્બોહાઈડ્રેટસનો એક અદ્ભુત સ્ત્રોત છે. મોટાભાગે એકટાણાં કે ઉપવાસમાં ખવાતા શક્કરીયામાં ભરપુર પ્રમાણમાં ફાયબર હોવાથી પાચનક્રિયામાં મદદરૂપ થવા ઉપરાંત શરીરને એકધારી ઉર્જા પુરી પાડે છે. ડાયટમાં શક્કરીયા ખાવાથી શરીરમાં લાંબો સમય શક્તિ જળવાઈ રહે છે.

૨) કેળા : ગરીબ અને તવંગર સૌને પોસાતા કેળામાં પોટેશિયમનું સારુ એવું પ્રમાણ હોય છે. એ ઉપરાંત કેળાં ખાવાથી ભૂખ મટે છે અને બે ટંકના ભોજન વચ્ચે બોડીમાં એનર્જીનું લેવલ જળવાઈ રહે છે.

૩) કોફી : સૌ જાણે છે કે ખુશબુદાર કોફીમાં કેફીનની સારી એવી માત્રા હોય છે. એ ઉપરાંત કોફીમાં એન્ટીઓક્સિડંટસ પણ હોય છે, જેના ઘણાં હેલ્થ બેનિફિટ્સ છે. એને કારણે ચાની જેમ કોફી એક ઉત્તેજક પીણાં ઉપરાંત દેહની એકંદરી સુખાકારી માટે પણ લાભદાયી બની રહે છે.

## વિશેષ

૪) એવોકાડો : આ એક એવું ફળ છે જે સ્ટેમિના વધારવાનું કામ કરે છે. એ સિવાય એવોકાડોઝમાં મોનન સેચ્યુરેટેડ ફેટ્સ પણ મળે છે જે આપણાં હૃદયને સ્વસ્થ રાખે છે. એટલે જ ડાયેટિશ્યન્સ એને સંપૂર્ણપણે પોષણક્ષમ ડાયટમાં સામેલ કરવાની સલાહ આપે છે.

૫) પીનટ બટર : મગફળીનું માખણ પ્રોટિન્સ અને ઓમેગા-૩ ફેટસથી ભરપુર હોય છે. એ ઉપરાંત પીનટ બટરમાં શરીર માટે આવશ્યક વિટામિન્સ અને મિનરલ્સ પણ સામેલ હોવાથી એને બ્રેડ પર લગાડીને ખાવાથી શરીરમાં શક્તિ અને સ્ફુર્તિનો સંચાર થાય છે.

૬) ઈંડા :એગ્સ (ઈંડા)ને પ્રોટિનનું પાવરહાઉસ એવું વિશેષણ અપાયું છે. એ ઉપરાંત ઈંડા કોલીનનો સારો સ્ત્રોત ગણાય છે જે મગજના સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્વ ગણાય છે. એટલે જ ઈંડા એકધારી શારીરિક શક્તિ અને બુદ્ધિના કામો માટે શ્રેષ્ઠ પસંદગી ગણાય છે.

૭) જવ : ઓટ્સ એટલે કે જવ કાર્બોહાઈડ્રેટનો સ્ત્રોત હોવા ઉપરાંત એમાં ફાઈબરની ઊંચી માત્રા હોવાથી એ આપણને લાંબો વખત તૃપ્તિનો અનુભવ કરાવે છે અને વારંવાર ભૂખ ન લાગવાથી ખાખા કરવાનું ટાળી શકાય છે. એ દ્રષ્ટિએ જવ વેઈટ મેનેજમેન્ટમાં મદદરૂપ થાય છે. એ ઉપરાંત ઓટ્સમાં ભરપુર આવશ્યક પોષક તત્ત્વો હોવાથી એ બેલેન્સડ ડાયટ (સંતુલિત ખોરાક) માટે બેસ્ટ ચોઈસ બની રહે છે. ઉપરોક્ત કુદરતી વસ્તુઓ રોજિંદા ભોજનમાં સામેલ કરીને શરીરનો સ્ટેમિના વધારી શકાય છે. એ રીતે રોજિંદા કામકાજને પહાડ ચડવા જેવું વિકટ બનતા નિવારી શકાય છે. પાછી આ બધી વસ્તુઓ સોંઘી અને હાથવગી છે.

# લોખંડના કાટનો કાળ એટલે એન્ટી રસ્ટ ટેકનોલોજી

હિન્દુસ્તાન મશીન ટૂલ્સ ની સહયોગી કંપની ગુજરાત સ્ટેટ મશીન ટૂલ્સ કોર્પોરેશનમાં અમે કાટ લાગેલી કોઈપણ લોખંડની વસ્તુને કાટ મુક્ત કરવા ખાસ પ્રકારના સ્પ્રે નો ઉપયોગ કરતા હતાં.આ સિવાય અન્ય વિકલ્પોનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો અમુક

**લોખંડની શક્તિને કાટના નબળાપણાથી બચાવવાની આ શોધ, માનવીની સર્જનાત્મકતા અને પ્રકૃતિ પ્રત્યેના સંવેદનશીલ અભિગમનું એક અદ્ભુત ઉદાહરણ છે,**

એસિડિક સંયોજન પણ કાટ રિમુવર તરીકે વપરાય છે.આ વાત ૧૯૯૦ની સાલની છે.આ કામ વિક્રમ લેથ ના ઉત્પાદનમાં કરવામાં આવતું હતું.છે આજની તારીખે ટેકનોલોજી નો ખૂબ વિકાસ થયો છે. ગત સપ્તાહે એમ એસ યુની.ન રસાયણ વિભાગે આ બાબતમાં અભૂતપૂર્વ સંશોધન કર્યુ છે. જેને વિશે વિગતવાર માહિતી આપતા પહેલા ફેરસ મેટલ અને કાટ પ્રતિરોધક ક્ષમતા વિશે જાણવું જરૂરી છે.માનવ સભ્યતાની પ્રગતિ અને નિર્માણના ઈતિહાસમાં લોખંડનું સ્થાન અનન્ય અને અત્યંત મહત્વપૂર્ણ છે. પ્રાચીન કાળથી આજના આધુનિક યુગ સુધી, લોખંડ અને તેની મિશ્રધાતુઓએ આપણા જીવન, ઉદ્યોગો અને અદભુત આકાર આપ્યો છે. પુરાતન શસ્ત્રો અને શસ્ત્રોથી લઈને મધ્યયુગીન સ્થાપત્ય અને આધુનિક ગગનચુંબી ઈમારતો, પુલો, વાહનો અને અસંખ્ય મશીનરી, લોખંડ એ સચેત, શક્તિશાળી અને સર્વવ્યાપી સાથી રહ્યું છે. આ ધાતુની શક્તિ, સહનશીલતા અને સરળ સંસ્કરણ ક્ષમતા તેને અખૂટ ઉપયોગી બનાવે છે. મિશ્રધાતુ તરીકે, જ્યારે લોખંડમાં કાર્બન અને અન્ય તત્વો ભેળવવામાં આવે છે, ત્યારે તેની શક્તિ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થાય છે. સ્ટીલ, જે લોખંડ અને કાર્બનની મિશ્રધાતુ છે, તે આધુનિક ઉદ્યોગીકરણનો આધારસ્તંભ છે. તેનો ઉપયોગ બાંધકામ, ઉત્પાદન, પરિવહન અને તંત્રજાળ વિકાસમાં સર્વત્ર થાય છે. લોખંડની ચુંબકીય ગુણવત્તાએ વિદ્યુત ઉપકરણો અને મોટર્સના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આજે પણ, વિશ્વભરમાં જેટલું સ્ટીલનું ઉત્પાદન થાય છે, તેટલું કોઈ પણ અન્ય ધાતુનું નથી. આધુનિક બાંધકામ ક્ષેત્રમાં લોખંડની મજબૂતાઈ અને સ્થિતિસ્થાપકતા અનિવાર્ય છે, જે ઊંચી ઈમારતો, લાંબા પુલો અને જટિલ ઢાંચાઓને સ્થિરતા પૂરી પાડે છે. આમ, લોખંડ એ માનવજાતના તકનીકી વિકાસનો એક મૂક પણ મજબૂત સાક્ષી છે, જેના વિના આજની દુનિયાની કલ્પના પણ અધૂરી રહે.પરંતુ, આટલી બધી શક્તિ અને સહનશીલતા છતાં, લોખંડની સૌથી મોટી નબળાઈ તેની સૌથી પ્રખ્યાત શત્રુ છેઃ કાટ. કાટ એ એક રાસાયણિક પ્રક્રિયા છે જે લોખંડનું આક્સિડેશન થવાથી ઉદ્ભવે છે. જ્યારે લોખંડની સપાટી ભેજ અને હવામાં રહેલા ઓક્સિજન સંપર્કમાં આવે છે, ત્યારે રાસાયણિક પ્રતિક્રિયા થઈને આયર્ન ઓક્સાઇડ, જેને સામાન્ય ભાષામાં કાટ કહેવાય છે, તેનું નિર્માણ થાય છે. આ કાટનું સ્તર પોરસ અને નબળું હોય છે, જે અંદરના લોખંડને વધુ નુકસાન થતું અટકાવતું નથી. સમુદ્રના ખારા પાણી અને વાતાવરણમાં રહેલા અન્ય ક્ષાર આ પ્રક્રિયાને ઝડપી બનાવે છે. કાટની અસર માત્ર સૌંદર્યલક્ષી નુકસાન સુધી મર્યાદિત નથી. તે ધાતુના માળખાની યાંત્રિક શક્તિ અને સમગ્રતાને ક્ષીણ કરે છે, જેના કારણે પુલો, ઈમારતો, પાઈપલાઈન અને વાહનોની સુરક્ષા અને ટકાઉપણા પર ગંભીર ખતરો ઊભો થાય છે. વારંવાર જાળવણી, સમારકામ અને ક્ષતિગ્રસ્ત ભાગોની અદલાબદલી માટે જોડાતો આર્થિક ભાર પણ વિશાળ છે, જે વિશ્વ અર્થતંત્રને દર વર્ષે અબજો રૂપિયાનું નુકસાન પહોંચાડે છે. અહી જ

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આધુનિક વિજ્ઞાનની પડકારરૂપ સમસ્યા રહેલી છેઃ શક્તિના પ્રતીક એવી આ ધાતુને તેની નબળાઈથી કેવી રીતે બચાવવી?

કાટને અટકાવવા માટેની પરંપરાગત પદ્ધતિઓ લાંબા સમયથી ઉપલબ્ધ છે અને અમુક હદ સુધી અસરકારક પણ રહી છે. આ પદ્ધતિઓમાં મુખ્યત્વે ધાતુની સપાટી પર પેઈન્ટ, લેપ અથવા ગેલ્વેનાઈઝેશન જેવા સ્તરો ચઢાવીને તેને બાહ્ય વાતાવરણીય પરિબળોથી અલગ કરવાનો સમાવેશ થાય છે. રાસાયણિક કાટ-પ્રતિરોધકોનો પણ વ્યાપક ઉપયોગ થાય છે, જે સપાટી પર એક અદ્રશ્ય રક્ષાત્મક સ્તર બનાવે છે. જોકે, આ પરંપરાગત ઉકેલોની પોતાની મર્યાદાઓ છે. ઘણા રાસાયણિક રોધકો વોલેટાઈલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ્સ (VOCs) જેવા ઝેરી પદાર્થો ધરાવે છે, જે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. આવા રસાયણોના ઉત્પાદન અને એપ્લિકેશનની પ્રક્રિયા પણ પ્રદૂષણકારક હોઈ શકે છે. વધુમાં, આ પદ્ધતિઓનો ખર્ચ ઘણી વખત વધુ પડતો હોય છે અને તેમાં નિયમિત જાળવણી અને ફરી લગાવવાની જરૂરિયાત રહે છે, જે લાંબા સમયમાં વધુ ખર્ચાળ બની જાય છે. એવી પરિસ્થિતિમાં, એક પર્યાવરણલક્ષી, સસ્તી અને ટકાઉ ઉકેલની તીવ્ર જરૂરિયાત હતી.

આ જ પડકારને સામે રાખીને, એમ.એસ. યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગના પ્રોફેસર સોનલ ઠાકોર અને તેમની સંશોધન ટીમે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, હૈદરાબાદ સાથે મળીને, એક અભૂતપૂર્વ સંશોધન રજૂ કર્યુ છે. આ સંશોધનમાં મકાઈ, બટાકા અને સાબુદાણા જેવા સહેલાઈથી ઉપલબ્ધ અને કુદરતી કૃષિ-આધારિત સ્રોતોમાંથી બાયો-મોલેક્યુલ્સ નિષ્કર્ષણ પામીને, તેનો ઉપયોગ કાટ-પ્રતિરોધક સામગ્રી તરીકે કરવામાં આવ્યો છે. આ નવીન સામગ્રી ધાતુની સપાટી પર એક મજબૂત, સ્થિર અને અચૂક રક્ષાત્મક પડ બનાવે છે, જે ઓક્સિજન અને ભેજનો સંપર્ક થતો અટકાવીને કાટની પ્રક્રિયાને મૂળમાં જ રોકી દે છે. આ બાયો-આધારિત અભિગમનું સૌથી મોટું ફાયદો તેની પર્યાવરણલક્ષી અને સુરક્ષિત પ્રકૃતિ છે. પરંપરાગત રાસાયણિક રોધકોથી વિપરીત, આ પ્રાકૃતિક અવયવો ન વિષરહિત છે, પરંતુ બાયોડિગ્રેડેબલ પણ છે, જે પર્યાવરણ પર થતા દબાણને નોંધપાત્ર રીતે ઘટાડે છે. આ સંશોધનનું મહત્વ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્વીકૃતિ પામ્યું છે અને તે અમેરિકન કેમિકલ સોસાયટીના આંતરરાષ્ટ્રીય જર્નલના કવર પેજ પર સ્થાન પામ્યું છે. સાથે જ, તે 'એપ્લાઈડ એન્જિનિયરિંગ મટિરિયલ્સ' જર્નલમાં પ્રકાશિત થયું છે, જે વૈજ્ઞાનિક સમુદાયમાં તેની માન્યતાનું પ્રતીક છે.

પ્રોફેસર ઠાકોર અને તેમની ટીમનું આ સંશોધન લોખંડના માળખાના જીવનકાળ અને સુરક્ષામાં ક્રાંતિકારી ફેરફાર લાવવાની સંભાવના ધરાવે છે. આવી બાયો-આધારિત સામગ્રીના ઉપયોગથી માળખાની જાળવણી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે, કારણ કે તે ટકાઉ અને ઓછી આવર્તન સાથે ફરી લગાવવાની જરૂર રાખે છે. ગ્રામ્ય અને શહેરી બંને ક્ષેત્રોમાં, જ્યાં સંરક્ષણના મોંઘા સાધનો સુલભ નથી, ત્યાં આ સસ્તી તકનીક ખાસ કરીને ફાયદાકારક સાબિત થઈ શકે છે. ઉદ્યોગો માટે પણ આ એક લાભકારક ઉકેલ છે, જેમને નિયમિત જાળવણીને કારણે ઉત્પાદનમાં વિક્ષેપ પડતો અને આર્થિક




ભાર પડતો હોય છે. આમ, આ નવીન શોધ માત્ર એક વૈજ્ઞાનિક સિદ્ધિ જ નથી, બલ્કે તે સમગ્ર સમાજ માટે આર્થિક અને પર્યાવરણીય લાભો ધરાવે છે. લોખંડની શક્તિને કાટના નબળાપણાથી બચાવવાની આ શોધ, માનવીની સર્જનાત્મકતા અને પ્રકૃતિ પ્રત્યેના સંવેદનશીલ અભિગમનું એક અદ્ભુત ઉદાહરણ છે, જે ભવિષ્યમાં વધુ ટકાઉ અને સ્વચ્છ વિશ્વના નિર્માણમાં માર્ગદર્શક બનશે.આ વિષે વધુ ટેકનિકલ માહિતી આપ અમારી પાસેથી પ્રાપ્ત કરી શકો છો.

# ટીમ ઈન્ડિયામાંથી અક્ષર પટેલ આઉટ, શાહબાઝ અહેમદને ટીમમાં સામેલ કરવામાં આવ્યો




લખનૌ,
ટીમ ઈન્ડિયાના ઓલરાઉન્ડર અક્ષર પટેલ સાઉથ આફ્રિકા સામેની છેલ્લી બે ટી ૨૦માંથી બહાર થઈ ગયો છે. ૩૧ વર્ષીય અક્ષર બીમારીના કારણે ધર્મશાલામાં ત્રીજી મેચ રમી શક્યો ન હતો. આ મેચ ભારતે ૭ વિકેટે જીતી લીધી હતી. અક્ષર હવે લખનઉ અને અમદાવાદમાં રમાનાર છેલ્લી બે મેચોમાં પણ રમી શકશે નહીં. તેના સ્થાને ઓલરાઉન્ડર શાહબાઝ અહેમદને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.શાહબાઝ અહેમદે ૩ વર્ષ પછી ભારતીય ટીમમાં વાપસી કરી છે. શાહબાઝ છેલ્લે ૪ ડિસેમ્બરે બાંગ્લાદેશ સામે મીરપુરમાં વનડે મેચ રમ્યો હતો. ત્યારબાદ તેને કોઈપણ ફોર્મેટ માટે પસંદ કરવામાં આવ્યો ન હતો. શાહબાઝે છેલ્લી ટી ૨૦ મેચ ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ એશિયન ગેમ્સ દરમિયાન હાંગઝોઉમાં અફઘાનિસ્તાન સામે રમી હતી. શાહબાઝ અહેમન અત્યાર સુધીમાં ૩ વનડેમાં ૩ અને ૨ ટી ૨૦માં ૨ વિકેટ લઈ ચૂક્યો છે.બીસીસીઆઈએ જણાવ્યું કે, ''ઓલરાઉન્ડર અક્ષર પટેલ બીમારીના કારણે સાઉથ આફ્રિકા સામેની બાકીની બે ટી ૨૦ મેચોમાંથી બહાર થઈ ગયો છે. જો કે, તે લખનઉમાં ટીમની સાથે છે, જ્યાં તેનું આગળનું મેડિકલ અસેસમેન્ટ કરવામાં આવશે. મેન્સ સિલેક્શન કમિટીએ લખનઉ અને અમદાવાદમાં રમાનાર ટી ૨૦ મેચો માટે શાહબાઝ અહેમદને તેના સ્થાને ટીમમાં સામેલ કર્યો છે.

ટીમ ઈન્ડિયા સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં ૨-૧થી આગળ છે. ભારતે કટકમાં રમાયેલી પ્રથમ મેચ પોતાના નામે કરી હતી. ત્યારબાદ સાઉથ આફ્રિકાએ ચંડીગઢમાં વાપસી કરી અને સિરીઝને ૧-૧ની બરાબરી પર લાવી દીધી હતી. જો કે, ધર્મશાલામાં ત્રીજી ્૨૦માં ભારત જીત મેળવીને સિરીઝમાં લીડ મેળવી લીધી છે. હવે લખનઉમાં ચોથી મેચ દરમિયાન ટીમ ઈન્ડિયાની નજર અજેય લીડ હાંસલ કરવા પર રહેશે.

છેલ્લી બે ટી ૨૦ મેચો માટેની ટીમ ઈન્ડિયા,સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, જીતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, વોશિંગ્ટન સુંદર, શાહબાઝ અહેમદ

# અક્ષય ખન્નાએ બધી અપેક્ષાઓ પૂરી કરી :'ધુરંધર' જોયા પછી સ્મૃતિ ઈરાની રહેમાન ડકતની ચાહક બની ગઈ




મુંબઇ,
ફિલ્મ 'ધુરંધર' ઝડપથી નફો કરી રહી છે. તેણે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૩૫૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરીને અનેક રેકોર્ડ બનાવ્યા છે. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં રણવીર સિંહ મુખ્ય ભૂમિકામાં છે. અક્ષય ખન્ના, અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર. માધવન પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવે છે. તે બધાના વખાણ થયા છે, પરંતુ અક્ષય ખન્નાએ શો ચોરી લીધો છે. સ્મૃતિ ઈરાનીએ તાજેતરમાં તેમની પ્રશંસા કરતી એક પોસ્ટ શેર કરી છે.અભિનેત્રી અને રાજકારણી સ્મૃતિ ઈરાનીએ સોમવારે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી. તેણીએ ૨૦૧૦ ની ફિલ્મ 'તીસ માર ખાન' ની એક ક્લિપ શેર કરી, જેમાં અક્ષય કુમાર અને અક્ષય ખન્ના અભિનીત હતા. સ્મૃતિ દ્વારા શેર કરાયેલી ક્લિપમાં, અક્ષય કુમાર અક્ષય ખન્ના તરફ જુએ છે અને કહે છે, "આ રહ્યો, મારો સુપરસ્ટાર, મારો ઓસ્કાર."

સ્મૃતિ ઈરાનીએ પોસ્ટના કેપ્શનમાં લખ્યું છે, "જ્યારે અક્ષય ખન્ના બધી અપેક્ષાઓ પર ખરા ઉતર્યા છે, ત્યારે તમે પણ બૂમ પાડવા માંગો છો કે 'તેને ઓસ્કાર આપો'." તેમણે હેશટેગમાં ફિલ્મ "ધુરંધર" નું નામ પણ ઉમેર્યું. સ્મૃતિ ઈરાનીની પોસ્ટ દર્શાવે છે કે તેણી ફિલ્મમાં અક્ષય ખન્નાના અભિનયની કેટલી પ્રશંસા કરે છે. ફિલ્મ જોયા પછી તેણીએ અગાઉ આખી ટીમની પ્રશંસા કરી છે.

# પાકિસ્તાની ખેલાડીઓએ ભૂલ કરી, બાબર આઝમ અને રિઝવાન ઉપરાંત, શાહીન આફ્રિદીએ પણ ભૂલ કરી




લાહોર,
પાકિસ્તાન ક્રિકેટ ટીમ હાલમાં કોઈ આંતરરાષ્ટ્રીય શ્રેણી રમી રહી નથી, પરંતુ પાકિસ્તાની ખેલાડીઓ છે. હકીકતમાં, તેમને બીબીએલ અથવા બિગ બેશ લીગમાં આ તક મળી છે. તે તેની પહેલી મેચમાં જ ખરાબ રીતે ફ્લોપ થઈ ગયો છે. ત્રણ પાકિસ્તાની ખેલાડીઓ ફક્ત બીબીએલ રમી રહ્યા છે, પરંતુ તે બધા ખરાબ રીતે નિષ્ફળ ગયા છે. આમાં બાબર આઝમ, મોહમ્મદ રિઝવાન અને શાહીન શાહ આફ્રિદીનો સમાવેશ થાય છે.જ્યારે બાબર આઝમ બિગ બેશ લીગમાં પ્રવેશ્યો, ત્યારે તેણે પાંચ બોલમાં ફક્ત બે રન બનાવ્યા અને પછી પેવેલિયન પાછો ફર્યો. દરમિયાન, બાબર આઝમનું બેટ સંપૂર્ણપણે શાંત પડી ગયું છે, અને તેણે કોઈપણ ફોર્મેટમાં રન બનાવ્યા નથી. અત્યાર સુધી, તે પાકિસ્તાની ટીમ માટે ચિંતાનો વિષય હતો, પરંતુ હવે જો બીબીએલ ટીમ પણ તેને પરેશાન કરે તો તે કોઈ મોટી વાત નથી. બાબર આઝમ એક સમયે ત્રણેય ફોર્મેટમાં પાકિસ્તાનનો કેપ્ટન હતો, પરંતુ હવે તેને પોતાનું સ્થાન જાળવી રાખવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે.મોહમ્મદ રિઝવાને પણ તેની પહેલી બીબીએલ મેચમાં એક ભૂલ કરી, આઉટ થતાં પહેલા ૧૦ બોલમાં ફક્ત ૪ રન બનાવ્યા. તેનું બેટ કામ ન કર્યું. પછી, શાહીન શાહ આફ્રિદીએ એક ભૂલ કરી. તેણે બિગ બેશ લીગમાં તેના ડેબ્યૂમાં વારંવાર જોવા મળતું ન હોય તેવું કંઈક કર્યું. તેણે ૨.૪ ઓવર ફેંકી અને ૪૩ રન આપ્યા. તેની ત્રીજી ઓવરમાં, શાહીને એક જ ઓવરમાં બે બીમર ફેંક્યા, જેના કારણે અમ્પાયરે તેને બોલિંગ કરવાથી સસ્પેન્ડ કર્યો. જ્યારે તે તેની ટીમ માટે બેટિંગ કરવા આવ્યો, ત્યારે ત્રણ બોલનો સામનો કર્યા વિના તેને આઉટ કરવામાં આવ્યો. આનો અર્થ એ થયો કે કોઈ પણ પાકિસ્તાની ખેલાડી તેમની ટીમ માટે ઘણું બધું કરી શક્યો નહીં.

બિગ બેશ લીગ હમણાં જ શરૂ થઈ છે, અને પાકિસ્તાની ખેલાડીઓનું સાચું સ્વરૂપ ખુલ્લું પડી ગયું છે. જેમ જેમ ટુર્નામેન્ટ આગળ વધે છે, તેમ તેમ તેઓ તેમની ટીમના પ્લેઈંગ ઈલેવનમાં પણ સ્થાન મેળવશે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે. બધાની નજર ઓછામાં ઓછા આ ત્રણ પાકિસ્તાની ખેલાડીઓ પર રહેશે કે તેઓ કેવું પ્રદર્શન કરે છે.

# ઐશ્વર્યા-અભિષેકના ડિવોર્સની અફવાઓથી દીકરી આરાધ્યાને કોઈ અસર થતી નથી

## આરાધ્યા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે પરંતુ એ પણ તેના હોમવર્ક અને ભણવા પૂરતું જ સીમિત છે : અભિષેક




મુંબઈ,
અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન ઈન્ડસ્ટ્રીમાં અને તેમનાં ફૅન્સ વચ્ચે એક લોકપ્રિય કપલ છે. ૨૦૦૬માં ધૂમ ૨ના શૂટિંગ વખતે તેઓ બંને એકબીજાનાં પ્રેમમાં પડ્યાં અને તેમનાં લગ્નની પણ સમગ્ર દેશમાં અને ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા હતી. આજે તેમનાં લગ્નજીવનનાં ૧૮ વર્ષ વિતી ચૂક્યા છે અને તેઓ બંને ડિવોર્સની અનેક ચર્ચાઓ અને અફવાઓને અવગણીને પોતાની કેરિઅરમાં આગળ વધવાની સાથે જીવનમાં પણ ખુશીથી આગળ વધી રહ્યાં છે. તેમની ૧૪ વર્ષની દીકરી આરાધ્યા પણ હવે વારંવાર ચર્ચામાં રહે છે. ઐશ્વર્યા અને અભિષેક પર તો તેમના ડિવોર્સના અહેવાલોની કોઈ અસર નથી થતી, પરંતુ શું તેમની ટીનેજ દીકરી પર આ પ્રકારની ચર્ચાઓની કોઈ અસર થાય છે, તે અંગે તાજેતરમાં અભિષેક બચ્ચને એક ઈન્ટરવ્યુમાં વાત કરી હતી. અભિષેક બચ્ચને આ પ્રશ્નના જવાબમાં જણાવ્યું,“મને નથી લાગતું, એને કોઈ ફરક પડતો હોય. મને નથી લાગતું કે તેને આમાં કોઈ રસ પણ હોય, તે જે વાંચે તે બધું માની લેતી નથી. એની માતાએ એને શીખવ્યું છે કે તે જે વાંચે એ બધું માની લેવાનું નહીં. જેમ મારા માતા પિતા મારી સાથે હતાં, તેમ અમે પરિવાર સાથે બિલકુલ પ્રામાણિક રહીએ છીએ. તેથી એવું ક્યારેય બનતું જ નથી કે અમારે કોઈએ એકબીજા પર પ્રશ્ન ઉઠાવવા પડે. એ ૧૪ વર્ષની છે અને તેની પાસે ફોન નથી. જો એનાં મિત્રોને એની સાથે વાત કરવી હોય તો એની માતાનાં ફોન પર કૉલ કરવો પડે છે અને આ બાબત અમે બહુ પહેલાં નક્કી કરી લીધી હતી.

# "હું તને મારા છેલ્લા શ્વાસ સુધી પ્રેમ કરીશ," શેફાલી જરીવાલાના પતિ પરાગ ત્યાગીએ તેના જન્મદિવસ પર કહ્યું



મુંબઇ,
૧૫ ડિસેમ્બર હવે પરાગ ત્યાગી માટે ફક્ત એક તારીખ નથી, પરંતુ યાદો અને લાગણીઓનો સંગમ છે, જ્યાં આનંદ અને દુઃખ એકબીજામાં ભળી જાય છે. આ દિવસે તેની માતાનો જન્મદિવસ અને તેની સ્વર્ગસ્થ પત્ની શેફાલી જરીવાલાની જન્મજયંતિ પણ છે. આ ખાસ પ્રસંગે, અભિનેતા પરાગ ત્યાગીએ સોશિયલ મીડિયા પર પોતાના હૃદયની વાત કરી અને તેમની કેટલીક કિંમતી યાદો શેર કરી.

પરાગે એક જૂનો વીડિયો પોસ્ટ કર્યો જેમાં તેની માતા અને શેફાલી સાથે ડાન્સ કરતા જોવા મળે છે. વીડિયો સાથેના કેપ્શનમાં, પરાગે તે બે મહિલાઓનો ઉલ્લેખ કર્યો જેમને તે તેના જીવનની સૌથી મોટી શક્તિ માને છેઃ તેની પત્ની અને તેની માતા. પરાગે કેપ્શનમાં લખ્યું, "લોકો કહે છે કે પુરુષની સફળતા પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે, પરંતુ હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કે મારા જીવનમાં બે મહિલાઓ છેઃ પરી અને મમ્મી. મિત્રો, કલ્પના કરો, તેમના બંને જન્મદિવસ એક જ તારીખે આવે છે - ૧૫ ડિસેમ્બર. મારા જીવનને જન્મદિવસની શુભકામનાઓ. હું મારા છેલ્લા શ્વાસ સુધી અને તે પછી પણ તમને પ્રેમ કરીશ."

આજે પણ, શેફાલી જરીવાલા નામ "કાંતા લગા" ગીતની યાદોને તાજી કરે છે. મ્યુઝિક વિડીયો દ્વારા રાતોરાત સ્ટાર બનેલી શેફાલીએ પોતાની એક અનોખી ઓળખ બનાવી. તેણીએ પોતાને ગ્લેમર સુધી મર્યાદિત ન રાખ્યા, પરંતુ ટેલિવિઝન અને રિયાલિટી શોમાં પણ પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો. તેણીના સ્મિત અને આત્મવિશ્વાસથી તેણી ચાહકોમાં પ્રિય બની.

પરાગ અને શેફાલી ૨૦૧૦ માં મળ્યા હતા. મિત્રતા ધીમે ધીમે પ્રેમમાં ખીલી અને ચાર વર્ષ એકબીજાને સમજ્યા પછી, તેઓએ લગ્ન કર્યા. ઉદ્યોગના ચમક અને ગ્લેમરથી દૂર, તેમની જોડીને સાદગી અને વિશ્વાસનું ઉદાહરણ માનવામાં આવતું હતું. તેઓએ સાથે ડાન્સ રિયાલિટી શોમાં પણ ભાગ લીધો, જ્યાં તેમની કેમિસ્ટ્રીએ દર્શકોના દિલ જીતી લીધા.

# વિદ્યા બાલન રજનીકાંતની 'જેલર ૨'માં જોવા મળશે

## વિદ્યા બાલન આ ફિલ્મ સાથે જોડાવાથી ફિલ્મનો સ્કેલ વધી રહ્યો છે, સાથે જ એની વાર્તા પણ વધુ મજબુત થઈ હોવાની ચર્ચા છે

મુંબઈ,
રજનીકાંતની આવનારી ફિલ્મ 'જેલર ૨'માં હવે વિદ્યા બાલન પણ જોડાઈ છે. આ જાહેરાતથી ફિલ્મ અંગેની ઉત્સુકતામાં વધારો થયો છે. 'જેલર ૨' રજનીકાંતની ૨૦૨૩ની ફિલ્મની સિક્વલ છે. સિક્વલ પણ નેલ્સન દિલીપ કુમાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે. પહેલી ફિલ્મ ઘણી સફળ રહી એટલે હવે સિક્વલ વધુ મોટા સ્કેલ પર બની રહી છે. આ ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રા દ્વારા મળતી માહિતી અનુસાર, સ્ક્રિપ્ટ સાથે વિદ્યા બાલનનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને એણે તરત જ સ્ટોરી ગમી ગઈ હતી અને તેને પાત્રનું ઊંડાણ પણ ગમ્યું હતું. વિદ્યાને પાત્ર અઘરું હોવાથી ગમ્યું હતું, જે ફિલ્મની વાર્તામાં ઘણું મહત્વનું છે અને તેના કારણે જ વાર્તામાં મોટો વળાંક આવે છે. એવી માહિતી છે કે આ પાત્ર મજબુત, ઊંડું, ફિલ્મની વાર્તામાં લાગણી ભરે છે, તેથી રજનીકાંતની આ સિક્વલ વધુ રસપ્રદ બની શકે.વિદ્યા બાલન આ ફિલ્મ સાથે જોડાવાથી ફિલ્મનો સ્કેલ વધી રહ્યો છે, સાથે જ એની વાર્તા પણ વધુ મજબુત થઈ હોવાની ચર્ચા છે. પહેલી ફિલ્મનું બધું જ ફોકસ રજનીકાંત અને તેમની લાર્જર ધેન લાઈફ એક્શન પર હતું. જ્યારે હવે સિક્વલમાં ઈમોશન પર ધ્યાન અપાયું છે અને થોડા ડ્રમા સાથે ધ્યાનથી સ્ક્રિપ્ટ લખાઈ રહી છે.

# પ્રખ્યાત અભિનેત્રી તેના બોયફ્રેન્ડ સાથે ચાલી રહી હતી, હસતી હતી, કેમેરા જોઈને વિચિત્ર હાવભાવ કર્યો



મુંબઇ,
સેલિબ્રિટીઝના તેમના પ્રિયજનો સાથે જાહેર દેખાવ હંમેશા હેડલાઈન્સ બનાવે છે, અને પાપારાઝીની નજરથી બચવું ઘણીવાર મુશ્કેલ હોય છે. સ્ટાર્સ હંમેશા કેમેરાથી બચવાનો પ્રયાસ કરે છે, પરંતુ ક્યારેક તેઓ કાફે અથવા એરપોર્ટ પર કેદ થાય છે, જે ઘણીવાર તેમને અસ્વસ્થતા આપે છે. તાજેતરમાં, "અંગ્રેઝી મીડિયમ" ફેમ અભિનેત્રી રાધિકા મદન સાથે પણ આવી જ ઘટના બની હતી, જે એક રહસ્યમય માણસ સાથે બહાર નીકળતી જોવા મળી હતી. બંને સ્તબ્ધ થઈ ગયા હતા, જેના કારણે વિવિધ પ્રતિક્રિયાઓ આવી હતી. તેમાંથી ઘણી ખૂબ રમુજી છે.

વીડિયોમાં, તમે રાધિકાને શોર્ટ્સ અને ક્રોપ ટોપમાં જોઈ શકો છો. તે એક રહસ્યમય માણસ સાથે, તેના કથિત બોયફ્રેન્ડ વિહાન સામત સાથે, હાથમાં હાથ નાખીને ચાલતી જોવા મળે છે. પાપારાઝીએ તેમને એકસાથે જોયા કે તરત જ રાધિકા થોડી અસ્વસ્થ દેખાઈ અને તરત જ વિહાનનો હાથ છોડી દીધો. બંનેએ માસ્ક પહેર્યા હતા, પરંતુ આ હોવા છતાં, પાપારાઝીએ તેમને ઓળખી લીધા અને તેમના નામ કહેવા લાગ્યા. તે એક ક્ષણ માટે થોભી ગઈ અને વિહાનથી દૂર થઈ ગઈ. પછી વિહાન આગળ ચાલ્યો ગયો, રાધિકા ગુસ્સામાં પાછળ રહી ગઈ, બંને દેખીતી રીતે ગુસ્સે દેખાઈ રહ્યા હતા.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ | અં | ણા | ર | ચ | મ | ચી | તા | મા | આ | ન | ચી |
| વ | ધ | ળો | પ્ર | એ | ગુ | કી | પ | ર | કા | ઔ | ર |
| ઓ | કા | સ | ણ | ઐ | હિ | મા | સ | કા | ર | ગ | ળ |
| પ્ર | મા | ર | બ | મ | પ્ર | ગ | ન | રી | દા | દ | દ |
| ળો | ડ | ધ | દ | રો | ગુ | ગી | દ | મ | વિ | ક્ષ | સ |
| ક | ણ | મ | ગ | જ | ડ | મ | ગી | ધ | ર | ક્ષ | કા |
| ઇ | દ | ક્રો | રી | ગ | મ | વ | ના | મ | મ | ડો | ણ |
| ચ | ક | ચા | ર | ગ | રો | કા | લા | મ | વા | વિ | દ |
| કુ | ણે | કા | સા | ક | મા | શિ | ગ | જ્ઞા | ગુ | લા | મ |
| એ | ક્ષ | ડો | લ | ણ | દ | ઝ | ક્ષ | ગ | ન | બં | ર |
| ઓ | લ | ગ | કા | ર | લ | કા | તુ | અઃ | ક્રો | બં | ળ |
| મા | મા | અઃ | ર | ક | ડો | ગ | મો | ળ | ણા | ખ | તી |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# થારને પુરઝડપે ચલાવી મહિલાનો ભોગ લેનાર સગીરના પિતા જેલ હવાલે

## પોલીસે લાલ આંખ કરતા જ ધરપકડથી બચવા કાર માલીક ફોન બંધ કરી ભૂગર્ભમાં ઉતરી ગયો !



ભાવનગર,તા.૧૭ શહેરમાં ભાડે કાર લઈ અક્ષરવાડી નજીક અકસ્માત સર્જી મહિલાનું મૃત્યુ નિપજાવનાર સગીર કાર ચાલકની પોલીસે ધરપકડ કરી હતી અને આ ગંભીર બેદરકારી બદલ પોલીસે સગીરના પિતા અને કાર આપનાર કાર માલિકની વિરૂદ્ધ પણ હિટ એન્ડ રનની કલમો ઉમેરી આખરે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવમાં પોલીસે સગીર આરોપીને ઓબ્ઝર્વેશન હોમમાં મોકલ્યો છે અને સગીરના પિતાની ધરપકડ કરી ભાવનગર જિલ્લા જેલ હવાલે કરાયો છે. જયારે તપાસનીશ પોલીસ અધિકારી રેવરે જણાવ્યું હતું કે, કાર માલીક ગત ૧૨ તારીખથી ફોન સ્વીચ ઓફ કરી ફરાર થઈ ગયેલ છે અને તેની શોધખોળ ચાલી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગરના સાગવાડી વિસ્તારમાં રહેતા બે મહિલાઓ થોડાક દિવસ અગાઉ મોડી રાત્રે જમીને અક્ષરવાડી મંદિર પાસેથી ચાલીને પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન એક સગીર કાર ચાલક તેના મિત્રને બેસાડી, પુરપાટ ઝડપે થાર કાર લઈને પસાર થયો હતો જે દરમિયાન જ સગીર કાર ચાલકે ચાલીને જતા બે મહિલાઓ પૈકી સોનલબેન તેમજ એક સ્કુટી ચાલક યુવતી સાથે કારનો ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો.

આ અકસ્માતમાં સોનલબેનનું કરૂણ મોત નિપજયું હતું. જ્યારે સ્કુટી ચાલક યુવતી ગંભીર રીતે ઈજગ્રસ્ત થઈ હતી. જે અકસ્માત બાદ નિલમબાગ પોલીસની તપાસમાં નિષ્ક્રિયતા સામે આવતા મૃતકના પરિવારજનો દ્વારા કડક કાર્યવાહીની માંગ સાથે ડીવાયએસપીને રજુઆત કરી હતી.

આખરે નિલમબાગ પોલીસ દ્વારા સગીરની ધરપકડ કરી, સગીરના પિતા ચંદ્રસિંહ જીણકુભા જાડેજા અને ગેરકાયદેસર રીતે કાર ભાડે આપનાર કાર માલિક શક્તિસિંહ જાડેજા વિરૂદ્ધ પણ હિટ એન્ડ રનની ગંભીર કલમનો ઉમેરો કર્યો હતો. જે મામલે સગીરના પિતા ચંદ્રસિંહ જીણકુભા જાડેજાની ધરપકડ કરી જેલ હવાલે કરાયો છે. તેમજ કાર માલિક શક્તિસિંહ જાડેજાની શોધખોળ હાથ ધરાતા હાલ તે ભૂગર્ભમાં ઉતરી ગયાનું જાણવા મળ્યું છે.

# મેઈન બજારમાં દુકાનોના તાળા તોડી ચોરી કરનાર રાજા અને બાબા ઝડપાયા

## એલસીબીએ રૂ.૧૦, ૨૦, ૫૦, ૧૦૦ની નોટો તથા પરચુરણ, ડી.વી.આર, વાઈ- ફાઈ રાઉટર સહિત ૪૮,૯૩૫/-ના મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૧૭

ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં વણશોધાયેલ મિલકત સંબંધી ગુન્હાઓના શકદારોની તપાસમાં હતાં.તે દરમ્યાન બાતમી મળેલ કે, અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલ જય ઉર્ફે રોકી અને ઈજાન ઉર્ફે બાબા રહે. બંન્ને ભગાતળાવ, ભાવનગર વાળા મોતીતળાવ, વીઆઈપી. પાછળ, સીકોતર માતાના મંદિર પાસે, બાવળની કાંટ પાસે બેઠેલ છે. તેઓ પાસે ઈન્ટરનેટના વાઈફાઈ રાઉટર તથા




રોકડ રકમ છે. જે તેઓએ કયાંકથી ચોરીથી અથવા છળકપટથી મેળવેલ હોવાની શંકા છે.જે બાતમી આધારે તપાસ કરતાં જય ઉર્ફે રોકી સુરેશભાઈ વોરા ઉ.વ-૨૨ રહે.વોરા શેરી, ભગાતળાવ, ખારગેઈટ, ભાવનગર તથા ઈજાન ઉર્ફે બાબા ફીરોજભાઈ શેખ ઉ.વ-૨૦ રહે. કાજીવાડ, ભગાતળાવ, ડબગરવાળી શેરી, ભાવનગર વાળો રોકડ રકમ, ચલણી સિક્કા, ડીવીઆર, વાઈફાઈ સહીત મુદ્દામાલ સાથે હાજર મળી આવેલ.

આ અંગે તેમની પૂછપરછ કરતા આ મુદ્દામાલ રાખવા અંગે તેણે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહિ હોવાથી આ મુદ્દામાલ તેણે ચોરી અગર તો છળ કપટથી મેળવેલ હોવાનું જણાય આવતાં શક પડતી મિલકત તરીકે તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ. મુદ્દામાલ અંગે તેઓની પુછપરછ કરતાં આજથી થોડાક દિવસ પહેલા તેઓ બંન્નેએ મેઈન બજારમાં આવેલ એક દુકાન તોડેલ તેમાંથી ઘણુ બધુ પરચૂરણની ચોરી કરેલ હોવાનું તથા તેઓ બંન્નેએ તેના થોડા દિવસ પછી એટલે કે ત્રણ ચાર દિવસ પછી રાત્રીના સમયે મેઈન બજાર આજુબાજુ આવેલ એક રાતમાં ચાર દુકાનો તેડેલ અને તેમાંથી રૂ.૧૦, ૨૦, ૫૦, ૧૦૦ની નોટો તથા પરચુરણ, ડી.વી.આર., વાઈ-ફાઈ રાઉટર વિગેરેની ચોરી કરેલ હોવાનું જણાવેલ. આ અંગે કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી થવા માટે તેને ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ. આમ પોલીસે ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

## જન્મદિન શુભેચ્છા

### પરશુરામ યુવાગૃપ - ભાવનગરના પરેશભાઈ પંડયાનો આજે જન્મદિવસ



ભાવનગર શહેરના કર્મચારીનગર ખાતે રહેતા પરશુરામ યુવા ગૃપ ભાવનગર જિલ્લા મહામંત્રી અને બ્રહ્મસમાજના અગ્રણી અને બ્રહ્મસમાજ પ્રત્યે ખૂબજ આદર અને સહકાર માટે કાયમ તૈયાર અને ૧૮ વાર ચાર ધામ યાત્રા અને અનેક વાર બાર જ્યોર્તિલિંગના દર્શન કરી ધન્ય બનેલા જેમને લોકો સંસારી ખાખી તરીકે ઓળખે છે તેવા પરેશભાઈ લાભશંકરભાઈ પંડ્યા (તળજા વાળા)નો આજે જન્મ દિવસ છે પિતાજી લાભશંકરભાઈ અને માતા રમાબેન ના આશીર્વાદ લઈ આજે તેઓ ભૂખ્યાને અન્નદાન કરી પોતાનો જન્મ દિવસ ઉજવશે પરેશભાઈને શુભેચ્છા આપવા સંપર્ક કરો મો.૯૯૨૫૪૮૭૯૮૯.

# ચિત્રા જીઆઈડીસીમાં દિલ્હીથી તપાસ

ચિત્રા જીઆઈડીસીમાં બીઆઈએસ માર્કા સંદર્ભે દિલ્હીથી તપાસ ટીમ દોડી આવી, નોંધણી નહીં કરાવનાર ૨૫થી વધુ ઉદ્યોગોને ક્લોઝીંગ આપવા કાર્યવાહી હાથ ધરી હોવાની ભારે ચર્ચા : પોલીસ બંદોબસ્ત મેળવી દિલ્હીની ટીમે કાર્યવાહી હાથ ધરી : જો કે અધિકારીએ છેલ્લી ઘડીએ ફેરવી તોળી જન જાગૃતિ સેમિનાર માટે વિઝીટ કરી હોવાની આપી કેફિયત



તસવીર : ધવલ વાજા

# ઉંચડી સોલાર પ્લાન્ટમાં ચોરી થયેલ બળેલા કોપર વાયર સાથે બે ઝડપાયા

## લોકલ ક્રાઈમ બ્રાન્ચે બોરાળા પેટ્રોલ પંપ સામેથી મુદામાલ સાથે ઝડપી લીધા

ભાવનગર,તા.૧૭

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે બે દિવસ પહેલા ચોરી થયેલ ઉંચડી ગામે સોલાર પ્લાન્ટમાં થયેલ કોપરના બળેલા વાયર ૩૦ કિ.ગ્રા. કિ.રુ.૨૪,૦૦૦/- ના મુદ્દામાલ



સાથે બે ઈસમોને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ.

ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં વણશોધાયેલ મિલકત સંબંધી ગુન્હાઓના શકદારોની તપાસમાં હતાં.તે દરમ્યાન બાતમી મળેલ કે, "કોપરનો ભંગાર વિગેરે સાથે બોરડા પેટ્રોલ પંપની સામે, ભાવનગર-સોમનાથ નેશનલ હાઈ-વે ઉપર બે માણસો ઉભા છે. તેઓ કોપરનો ભંગાર કયાંકથી ચોરી કરીને લાવેલ હોવાની શંકા છે. જે બાતમી આધારે તપાસ કરતાં રવજીભાઈ રણછોડભાઈ વાઘેલા ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે ઉચડી ગામ તા.તળાજા જી.ભાવનગર તથા ભાવેશભાઈ પોપટભાઈ વાઘેલા ઉવ.૨૪ ધંધો. મજુરી રહે. ઉચડી ગામ તા.તળાજા જી.ભાવનગર વાળો આશરે ૩૦ કિ.લો. કોપરનો બળી ગયેલ વાયર કુલ કિ.રૂ.૨૪,૦૦૦/- નો મુદ્દામાલ સાથે હાજર મળી આવેલ. જે મુદ્દમાલ રાખવા અંગે તેણે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહિ હોવાથી આ મુદ્દામાલ તેણે ચોરી અગર તો છળકપટથી મેળવેલ હોવાનું જણાય આવતાં શક પડતી મિલકત તરીકે તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ.

આ મુદ્દામાલ અંગે તેઓની પુછપરછ કરતાં આજથી બે દિવસ પહેલા રાત્રીના સમયે ઉંચડી ગામે આવેલ સોલાર પ્લાન્ટ માંથી આ બળી ગયેલ કોપર ધાતુના વાયરની ચોરી કરેલ હોવાનું જણાવેલ." આ અંગે કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી થવા માટે તેને દાઠા પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ.

# બગસરાના હડાળા ગામ નજીક અકસ્માતમાં ત્રણ લોકોના મોત

## કાર પલટીથી ત્રણ જૂનાગઢ રહેવાસીનું મોત, એક ઈજાગ્રસ્ત. ફાયર ટીમે રેસ્ક્યુ કર્યું, પોલીસ તપાસ ચાલુ, પરિવારમાં આઘાતનો માહોલ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા બગસરા તાલુકાના હડાળા ગામ નજીક આજે વહેલી સવારે એક ફોર વ્હીલ કાર ઓવર સ્પીડના કારણે કાર ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતાં કાર રોડ ઉપરથી નીચે ઉતરી ખેતરમાં ઝાડ સાથે ધડાકાભેર અથડાતા કારમાં બેઠેલાં ચાર પૈકિવ ત્રણનાં ઘટનાં સ્થળે મોત નીપજ્યાં હતાં. જ્યારે એકની હાલત ગંભીર હોય સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે, અમરેલી ફાયર ફાયટરની ટીમે ઈમર્જન્સી રેસ્ક્યુ કરી વ્હીકલ સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી પોતાની સૂઝબુજ તથા આધુનિક સાધનોની મદદથી ચારેય વ્યક્તિઓનું રેસ્ક્યુ કરી બહાર કાઢેલ હતાં.

આ બનાવમાં મળતી વિગત મુજબ જૂનાગઢ ગામે રહેતાં વિકાસ સવજીભાઈ સાવલિયા, ધોરાજી તાલુકાના જાલણસર ગામે રહેતાં મંથનભાઈ સાવલિયા, ધર્મેશભાઈ સાવલિયા તથા નીરજભાઈ મકવાણા પોતાના હવાલાવાળી ફોર વ્હીક કાર નંબર GJ 11 CL 8531 લઈ આજે વહેલી સવારે અમરેલી જિલ્લા બગસરા તાલુકાના હડાળા ગામથી ત્રણ કિ.મી. દુર ડેરીપીપળીયા ગામના પાટીયા પાસે ઓવર સ્પીડના કારણે કાર ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતાં કાર રોડ ઉપરથી નીચે ઉતરી ખેતરમાં આવેલ એક ઝાડ સાથે ધડાકાભેર અથડાતા કારમાં બેઠેલાં ચાર પૈકી વિકાસ સવજીભાઈ સાવલિયા (ઉં.વ.૩૮) ડ્રાઈવર, મંથન સાવલિયા (ઉં.વ.૨૬) તથા ધર્મેશ સાવલિયા (ઉં.વ.૨૯) સહિત ત્રણનાં ઘટનાં સ્થળે મોત નીપજ્યાં હતાં. જ્યારે નીરજભાઈ મકવાણાની હાલત ગંભીર હોય તેમને સારવાર માટે પ્રથમ બગસરા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે.


**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનીયરિંગ કાર્યો**

નં. W/118/NIT/E-Tender/2025-26/WA/44 તારીખ : ૧૫/૧૨/૨૦૨૫ ; ઈ-ટેન્ડર નં. ૨૩૬-૨૦૨૫-૨૬ થી ૨૪૧-૨૦૨૫-૨૬ ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 236-2025-26 | ગ્રુપ વર્ક (૧) રાજકોટ - જેતલસર સેક્શન - ટીઆરઆર (પી) ના મંજૂર થયેલા કામ સામે ટ્રેક નવીકરણનું કામ ૫.૩૨૦ ટીકેએમ (૨) ભાવનગર ડિવિઝન: સિનિયર ડીઇએન (સી) અધિકારક્ષેત્ર હેઠળ ૨.૦૦ કિ.મી. રેલનું કેઝ્યુઅલ નવીકરણ. | 1,32,98,536.65 | 2,16,500.00 |
| 02 | 237-2025-26 | ઢસા-જેતલસર વિભાગના મંજૂર થયેલા કામ સામે સંલગ્ન સિવિલ અને આનુષંગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કામો. બે સ્ટેશનો પર ટ્રેક મશીન સાઇડિંગ માટે સાઇડિંગ સુવિધાઓનું નિર્માણ. | 1,99,57,759.76 | 2,49,800.00 |
| 03 | 238-2025-26 | ઢસા-જેતલસર વિભાગના મંજૂર થયેલા કામ સામે ટ્રેકનું કામ - બે સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓનું નિર્માણ. | 1,50,75,943.84 | 2,25,400.00 |
| 04 | 239-2025-26 | ઢસા-જેતલસર વિભાગના મંજૂર થયેલા કામ સામેના સંદર્ભમાં પુલ નં. 33/A નું વિસ્તરણ - બે સ્ટેશનો પર ટ્રેક મશીન સાઇડિંગ માટે સાઇડિંગ સુવિધાઓનું નિર્માણ. | 2,16,65,157.35 | 2,58,300.00 |
| 05 | 240-2025-26 | સિનિયર ડેન (સી) અધિકારક્ષેત્ર - મંજૂર કામ સામે ટ્રેક મેન (૩૭ નંગ) માટે ટૂલ રૂમ સાથે રેસ્ટ રૂમ પૂરો પાડવો, ભાવનગર વિભાગ - ટ્રેક મેન (૮૧ નંગ) માટે ટૂલ રૂમ સાથે રેસ્ટ રૂમ પૂરો પાડવો. | 4,49,64,542.32 | 3,74,800.00 |
| 06 | 241-2025-26 | સિનિયર ડેન (સેન્ટ્રલ) બીવીપી અધિકારક્ષેત્ર: ભાવનગર વિભાગના મંજૂર કાર્ય સામે ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ (36 નંગ) કર્વ્સ પૂરા પાડવા - ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ પૂરા પાડવા. | 3,46,97,548.80 | 3,23,500.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: ૨૨/૧૨/૨૦૨૫ ; બિડિંગ બંધ થવાની તારીખ: ૦૫/૦૧/૨૦૨૬ ; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in પર લોગ ઇન કરો.

BVP – 222

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે – ભાવનગર વર્કશોપ**

**બેન્ડિંગ પ્રેસ મશીન નું સમારકામ**

ઇ-ટેન્ડર નંબર: BVPW-2025-26-Bending-37

**કાર્યનું નામ:** ભાવનગર વર્કશોપ ખાતે કાર્યક્ષેત્ર મુજબ બેન્ડિંગ પ્રેસ મશીન 400ટી (બનાવટ: બાયકલ) નું સમારકામ.

**કામની અંદાજિત કિંમત:** ₹ 15,14,176/-;

**બિડ સિક્યોરિટી:** ₹ 30,300/-;

**કાર્ય પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી કર્યાની તારીખથી 2 મહિના;

**ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 07/01/2026, 10:30 કલાકે.

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 07/01/2026, 11:00 કલાકે.

**વેબસાઇટની વિગતો:** ટેન્ડર ફક્ત ઇલેક્ટ્રોનિક રીતે વેબસાઇટ https://www.ireps.gov.in પર સબમિટ કરવામાં આવશે.

**જારીકર્તા:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003, પશ્ચિમ રેલવે;

**ઇમેલ:** dycmews@bvp.railnet.gov.in

BVP – 224

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**જાહેરાત બોર્ડના કરાર માટે હરાજી**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરનું કાર્યાલય, પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા ડિવિઝન, પ્રથમ માળ, કોમર્શિયલ વિભાગ, ડીઆરએમ કાર્યાલય, ગઢેચી વડલા, આરટીઓ સર્કલ પાસે, ભાવનગર પરા, ભાવનગર, ગુજરાત-364003.

**ઇમેલ:** dcm.bvp.wr@gmail.com **ફાઇલ નંબર:** WR-BVP0COMM (MISC)/12/2025-O/o SRDCM/BVP/WR (E-651224)

| કેટલોગ નં. | કરારનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| ADVT-RDN -LED-06 | જાહેરાત બોર્ડ - રેલ્વે ડિસ્પ્લે નેટવર્ક (RDN) અને LED યુનિપોલ | જાહેરાત |

બિડર/ટેન્ડરરએ (IREPS/E-ઓક્શન) સાઇટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગરની મુલાકાત લઈ શકાય છે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર વિભાગ: +91-72279 89486) પર સંપર્ક કરી શકાય છે.

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૨૬.૧૨.૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે ઓનલાઇન વેબસાઇટ www.ireps.gov.in/ દ્વારા

**હરાજી બંધ થવાનો સમય અને તારીખ:** ૨૬.૧૨.૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે ઓનલાઇન વેબસાઇટ www.ireps.gov.in/ દ્વારા

BVP – 223

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**ગુજરાતસરકાર**

નર્મદા ,જળસંપતી,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.૨૦ સને ૨૦૨૫-૨૬

| કામનુ નામ | કામની અંદાજીત રકમ રૂ. લાખમાં | ઓન લાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|
| ૨ | ૩ | ૪ |
| સુખભાદર સિંચાઇ યોજના રીસરફેસીંગ ઓફ એપ્રોચ રોડ બાય સી.સી. રોડ એન્ડ ફ્લેક્સિબલ પેવમેન્ટ ફ્રોમ નાના છેડા વિલેજ ટુ સુખભાદર ડેમ સાઇટ તા.બોટાદ જી.બોટાદ. | ૧૮૩.૧૨ | તા.૦૫/૦૧/૨૦૨૬ ના ૧૮-૦૦ કલાક સુધીમાં |

કચેરીનું નામ અને સરનામું અને ફોન નંબર: કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, બોટાદ સિંચાઇ વિભાગ, કાનીયાડ કોલોની, ભાવનગર રોડ, બોટાદ ફોન નં.૦૨૮૪૯-૨૫૧૭૦૫ અને અધીક્ષક ઇજનેરશ્રીની કચેરી, ભાવનગર સિંચાઇ યોજના વર્તુળ, એસ-૨, બીજા માળે, જીલ્લા સેવા સદન-૨, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ભાવનગર. ફોન નં.૦૨૭૮-૨૪૨૯૦૪૪, ફેક્સ નં.૦૨૭૮-૨૪૨૯૧૯૪. વધુ વિગતો www.tender.nprocure.com વેબ સાઇટ ઉપર જોઇ શકાશે.

માહીતી–ભાવ–૯૯૩/૨૫



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**શ્રી ભાવેશભાઈ અમરાભાઈ ખમળ** — કેસ નં. ૧૩૬/૨૦૨૫
**રહે. કરદેજ, તા. જિ. ભાવનગર.** — જન્મ તા.૧૩/૦૨/૧૯૮૫

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. કરદેજ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી ભાવેશભાઈ અમરાભાઈ ખમળ, રહે. કરદેજ, તા. જિ. ભાવનગરએ પોતાના ભાઈ શ્રી નરેશભાઈ અમરાભાઈ ખમળનો જન્મ તા. ૧૩/૦૨/૧૯૮૫ના રોજ કરદેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૧૦/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**શ્રી મુનાભાઈ ધરમશીભાઈ જાંબુચા** — કેસ નં. ૬૯/૨૦૨૫
**રહે. કંટાળા, તા. ઘોઘા, જિ. ભાવનગર.** — જન્મ તા.૨૧/૦૫/૨૦૧૦

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. બુધેલ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી મુનાભાઈ ધરમશીભાઈ જાંબુચા, રહે. કંટાળા, તા. ઘોઘા, જિ. ભાવનગરએ પોતાના પુત્ર શ્રી ચિરાગભાઈ મુનાભાઈ જાંબુચાનો જન્મ તા. ૨૧/૦૫/૨૦૧૦ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૧૨/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**શ્રી મુનાભાઈ ધરમશીભાઈ જાંબુચા** — કેસ નં. ૬૮/૨૦૨૫
**રહે. કંટાળા, તા. ઘોઘા, જિ. ભાવનગર.** — જન્મ તા.૦૭/૦૧/૨૦૧૩

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. બુધેલ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી મુનાભાઈ ધરમશીભાઈ જાંબુચા, રહે. કંટાળા, તા. ઘોઘા, જિ. ભાવનગરએ પોતાના પુત્રી સુશ્રી અવનીકાબેન મુનાભાઈ જાંબુચાનો જન્મ તા. ૦૭/૦૧/૨૦૧૩ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૧૨/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

# ભારત અને જોર્ડન વચ્ચે પાંચ મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર

## ભારત અને જોર્ડન આતંકવાદ સામે સમાન દ્રષ્ટિકોણ ધરાવે છેઃ રાજા અબ્દુલ્લાએ પીએમને ગળે લગાવ્યા, ભારતને જૂનો મિત્ર ગણાવ્યો

નવીદિલ્હી,
પીએમ મોદી જોર્ડન પહોંચ્યા.તેમની મુલાકાતનો બીજો દિવસ છે. તેઓ ભારત-જોર્ડન બિઝનેસ ફોરમ બેઠકને સંબોધિત કરશે. સોમવારે અગાઉ, જોર્ડનના રાજા અબ્દુલ્લાએ હુસૈનિયા પેલેસ ખાતે પીએમ મોદીનું આલિંગન કરીને સ્વાગત કર્યું. બંનેએ દ્વિપક્ષીય બેઠક પણ યોજી. મીટિંગ દરમિયાન, મોદીએ કહ્યું કે ભારત અને જોર્ડન આતંકવાદ સામે સમાન દ્રષ્ટિકોણ ધરાવે છે. તેમણે ઉષ્માભર્યા સ્વાગત માટે રાજા અબ્દુલ્લાનો આભાર માન્યો. તેમણે ખાતરો અને ડિજિટલ ટેકનોલોજીમાં સહયોગ વધારવા વિશે પણ વાત કરી. બંને દેશો વચ્ચે પાંચ મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થયા.

ભારત અને જોર્ડન વચ્ચે પાંચ મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આમાં સંસ્કૃતિ, નવીનીકરણીય ઉર્જા, પાણી વ્યવસ્થાપન, ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને ઐતિહાસિક વારસાના સંરક્ષણ સંબંધિત કરારોનો સમાવેશ થાય છે. બંને દેશોએ સંસ્કૃતિના ક્ષેત્રમાં સહયોગ વધારવા, નવીનીકરણીય અને સ્વચ્છ ઉર્જા પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરવા અને જળ સંસાધનોનું વધુ સારી રીતે સંચાલન કરવા માટે કરારો પર હસ્તાક્ષર કર્યા. ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ હેઠળ, ડિજિટલ શાસન અને ટેકનોલોજી આધારિત જાહેર સેવાઓમાં ભાગીદારીને આગળ વધારવા માટે એક કરાર થયો.

આ ઉપરાંત, જોર્ડનના વિશ્વ-પ્રસિદ્ધ ઐતિહાસિક સ્મારક, પેટ્રા અને ભારતની એલોરા ગુફાઓ વચ્ચે એક જોડિયા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ વારસા સંરક્ષણ, પર્યટન અને પરસ્પર સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપશે. હોટલમાં પહોંચ્યા પછી, પીએમ ભારતીય સમુદાયના સભ્યોને મળ્યા. આ દરમિયાન, તેઓ એક નાની છોકરી સાથે હાથ મિલાવતા જોવા મળ્યા. ભારત અને જોર્ડને ૧૯૫૦ માં રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા, જે ૨૦૨૫ માં ૭૫ વર્ષ પૂર્ણ કરશે. આ પ્રસંગે મોદીએ જોર્ડનની મુલાકાત લીધી.

ભારત જોર્ડનનો ચોથો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. ૨૦૨૩-૨૪ માં બંને દેશો વચ્ચે વેપાર ૨૬,૦૩૩ કરોડનો હતો, જેમાં ભારતની નિકાસ આશરે ૧૩,૨૬૬ કરોડ હતી.

### મોદીએ જોર્ડનની કંપનીઓને ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું, સારા વળતરની ખાતરી આપી

નવીદિલ્હી,તા.૧૬
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે જોર્ડનના વેપારી સમુદાયને ભારતમાં રોકાણ કરવા માટે ભારપૂર્વક આમંત્રણ આપ્યું. ભારત-જોર્ડન બિઝનેસ ફોરમને સંબોધતા, પ્રધાનમંત્રીએ ભારતને ૮ ટકાથી વધુ દરે વધતી અર્થવ્યવસ્થા તરીકે વર્ણવ્યું, રોકાણકારો માટે ઉત્તમ વળતરની સંભાવના પર પ્રકાશ પાડ્યો. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે ભારત ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે તૈયાર છે. તેમણે જોર્ડનની કંપનીઓને ભારતની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવાની સુવર્ણ તકનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા.

# લુથરા બંધુઓને થાઈલેન્ડથી દિલ્હી લાવવામાં આવ્યાઃ ગોવા પોલીસે તેમની ધરપકડ

નવીદિલ્હી,
ઉત્તર ગોવામાં આર્પોરા નાઈટક્લબ આગ કેસમાં એક મોટા પગલામાં, મુખ્ય આરોપી, ગૌરવ અને સૌરભ લુથરા, મંગળવારે બપોરે દિલ્હી લાવવામાં આવ્યા હતા. આ પછી, ગોવા પોલીસે બંને ભાઈઓને કસ્ટડીમાં લીધા છે અને હવે તેમની પૂછપરછ કરશે. ત્યારબાદ તેમને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જ્યાં આગળની કાનૂની કાર્યવાહીનો નિર્ણય લેવામાં આવશે. તપાસ એજન્સીઓનો આરોપ છે કે નાઈટક્લબ જરૂરી ફાયર સેફ્ટી નિયમોનું પાલન કર્યા વિના ચલાવવામાં આવી રહી હતી, જેના કારણે આ દુર્ઘટનામાં ફાળો આપ્યો હતો.

આ કેસમાં ગૌરવ લુથરા અને સૌરભ લુથરા વિરુદ્ધ ગુનાહિત હત્યા અને બેદરકારીનો કેસ નોંધવામાં આવ્યો છે. એ નોંધવું જોઈએ કે ગોવા નાઈટક્લબમાં લાગેલી આગમાં ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જેના કારણે સમગ્ર દેશને આઘાત લાગ્યો હતો. પરિણામે, લુથરા બંધુઓનું ૧૦ દિવસ પછી ભારત પરત ફરવું એ પીડિત પરિવારો માટે મોટી રાહત છે.

અગાઉ, અધિકારીઓએ સોમવારે સ્પષ્ટતા કરી હતી કે ગોવા પોલીસ થાઈલેન્ડ નહીં જાય, પરંતુ દિલ્હીની કેન્દ્રીય એજન્સીઓ પાસેથી લુથરા બંધુઓની કસ્ટડી માંગશે. આ માટે, ગોવા પોલીસની એક ટીમ સોમવારે મોડી રાત્રે દિલ્હી પહોંચી હતી. કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ, સૌરભ લુથરા અને ગૌરવ લુથરાને આજે મોડી રાત્રે ગોવા લઈ જવામાં આવે તેવી અપેક્ષા છે. ત્યારબાદ તેમને અંજુના પોલીસ સ્ટેશન લઈ જવામાં આવશે, જ્યાં તેમની વધુ પૂછપરછ કરવામાં આવશે. ગોવા પોલીસ બુધવારે લુથરા બંધુઓને માપુસા કોર્ટમાં રજૂ કરી શકે છે.

એ નોંધનીય છે કે ભારત અને થાઈલેન્ડ વચ્ચે ૨૦૧૩ માં પ્રત્યાર્પણ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ૨૦૧૫ થી અમલમાં છે. આ સંધિથી લુથરા બંધુઓનું પ્રત્યાર્પણ શક્ય બન્યું. ૧૧ ડિસેમ્બરના રોજ થાઈલેન્ડના ફુકેટમાં તેમની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતીય દૂતાવાસે થાઈ સત્તાવાળાઓ સાથે સંકલન કર્યું. ભારત સરકારે તેમના પાસપોર્ટ રદ કર્યા અને દેશનિકાલ પ્રક્રિયા પૂર્ણ કરીને થાઈલેન્ડને તેમની ભૂમિકાઓ દર્શાવતું ડોઝિયર સુપરત કર્યું.

# મલેશિયામાં મંત્રીમંડળમાં ફેરબદલઃ પીએમ અનવરે નવા વેપાર અને અર્થતંત્ર મંત્રીઓની નિમણૂક કરી

## અનવરે પદ સંભાળ્યું ત્યારથી દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રમાં સ્થિર આર્થિક વૃદ્ધિ અને વિદેશી રોકાણમાં વધારો થયો

કુઆલા લંપુર,
મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમે મંગળવારે નવા વેપાર અને આર્થિક પ્રધાનોની નિમણૂક કરી, તેમના વહીવટને સ્થિર કરવા અને રાજીનામા અને સમાપ્ત થયેલા સેનેટ કાર્યકાળને કારણે ઉદ્ભવેલી અનેક ખાલી જગ્યાઓ ભરવાના પ્રયાસમાં તેમના મંત્રીમંડળમાં ફેરબદલ કર્યો.

નવેમ્બર ૨૦૨૨ માં અનવરે પદ સંભાળ્યું ત્યારથી દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રમાં સ્થિર આર્થિક વૃદ્ધિ અને વિદેશી રોકાણમાં વધારો થયો છે. પરંતુ કેબિનેટ સભ્યોમાં આંતરિક મતભેદો અને વધતા જીવન ખર્ચ પર જાહેર અસંતોષથી તેમનું વહીવટ હચમચી ગયું છે.

મે મહિનામાં બે મંત્રીઓએ વડા પ્રધાનની પાર્ટીમાં તેમના નેતૃત્વ પદ ગુમાવ્યા બાદ રાજીનામું આપ્યું હતું, જ્યારે ત્રીજાએ ગયા મહિને રાજ્યના અધિકારો પર ફેડરલ સરકારના વલણ પર નાખુશતાને કારણે રાજીનામું આપ્યું હતું.

એક ગોઠવણની જરૂર છે જેથી મંત્રીમંડળ એક ટીમ તરીકે કામ કરી શકે, વધુ સારી આર્થિક વૃદ્ધિ પેદા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરી શકે," અનવરે ટેલિવિઝન જાહેરાતમાં જણાવ્યું હતું.

અર્થતંત્રની સ્થિતિ, ફુગાવા અને વચન આપેલા સુધારાઓની ધીમી ગતિ અંગે ચિંતાઓ વચ્ચે, તેમણે છેલ્લે ડિસેમ્બર ૨૦૨૩ માં તેમના મંત્રીમંડળમાં મોટા ફેરફારો કર્યા હતા, તે સમયે ઓપિનિયન પોલ્સમાં ઘટાડો થયો હતો.

મલેશિયાના મંત્રીમંડળમાં સંસદના બંને ગૃહોમાંથી ચૂંટાયેલા ફેડરલ અને રાજ્યના ધારાસભ્યો તેમજ ઉપલા ગૃહમાં નિયુક્ત સેનેટરોનો સમાવેશ થાય છે.

અનવરે જોહરી અબ્દુલ ગની, જેમણે અગાઉ પ્લાન્ટેશન અને કોમોડિટીઝ મંત્રી તરીકે સેવા આપી હતી, તેમને વેપાર મંત્રી તરીકે નિયુક્ત કર્યા - ટેંગકુ ઝફરુલ અઝીઝના સ્થાને, જેમણે ટેરિફ મુદ્દાઓ પર યુનાઈટેડ સ્ટેટ્સ સાથે મલેશિયાની વાટાઘાટોનું નેતૃત્વ કર્યું હતું.

યુએસ સાથે વેપાર સોદો
મલેશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સે ઓક્ટોબરમાં એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા જે મોટાભાગના મલેશિયન માલ પર લાદવામાં આવેલા યુએસ ટેરિફને ૧૯% પર જાળવી રાખશે.

ટેંગકુ ઝફરુલનું સેનેટરશીપ ૨ ડિસેમ્બરના રોજ સમાપ્ત થયું હતું અને ત્યારથી તેમને મલેશિયન રોકાણ વિકાસ સત્તામંડળના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

અનવરે મે મહિનામાં રાજીનામા આપ્યા પછી રફીઝી રામલી અને નિક નાઝમી નિક અહમદના સ્થાને અકમલ નસરુલ્લાહ મોહમ્મદ નાસિરને અર્થતંત્ર મંત્રી તરીકે અને આર્થર જોસેફ કુરુપને કુદરતી સંસાધન

# J&Kના ઉધમપુરમાં ગોળીબારમાં એક પોલીસ કર્મચારી શહીદ થયા બાદ સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓની શોધખોળ તીવ્ર બનાવી

## શહીદ કોન્સ્ટેબલ અમજદ અલી ખાનને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉધમપુરમાં પુષ્પાંજલિ સમારોહનું આયોજન

ઉધમપુર,
J&Kના અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ ઉધમપુર જિલ્લાના એક ગામમાં ત્રણ આતંકવાદીઓની શોધખોળ તીવ્ર બનાવી હતી, એક દિવસ પહેલા ગોળીબારમાં એક પોલીસ કર્મચારી માર્યો ગયો હતો.

પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ (JeM) સંગઠન સાથે જોડાયેલા માનવામાં આવતા ત્રણ આતંકવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ પહાડી જિલ્લાના મજલતા વિસ્તારના સોન ગામમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું, જ્યારે મીડિયા સુત્રોએ અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું. સોમવારે મજલતા વિસ્તારના સોન ગામમાં થયેલી એન્કાઉન્ટર દરમિયાન, એક આતંકવાદી ઘાયલ થયો હતો જ્યારે બે પોલીસકર્મીઓને નાની ગોળી વાગી હતી.

પોલીસ મહાનિરીક્ષક (જમ્મુ ઝોન) ભીમ સેન તુતીએ જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન ચાલુ છે.

પ્રારંભિક ગોળીબાર પછી આતંકવાદીઓ જંગલ વિસ્તારમાં ભાગી ગયા હતા. તે ગાઢ જંગલ વિસ્તાર છે. ત્યાં ત્રણ આતંકવાદીઓ છુપાયેલા છે. ઓપરેશન ચાલુ છે,'' તેમણે ઉધમપુરમાં પત્રકારોને જણાવ્યું હતું.

આઈજીપીએ જણાવ્યું હતું કે સોમવારે સાંજે સોન ગામમાં ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

"માહિતી સાચી નીકળ્યો અને એન્કાઉન્ટર થયું. અમારી પાસે એક નાની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પાર્ટી હતી. ફાયરફાઈટ દરમિયાન, અમારા પોલીસ કર્મચારી અમજદ અલી ખાનને ઈજા થઈ હતી. અમે તેમને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો, પરંતુ વધુ પડતા લોહી વહી જવાને કારણે અમે તેમને ગુમાવ્યા," તેમણે કહ્યું.

ભારતીય રિઝર્વ પોલીસની ૨૨મી બટાલિયનના શહીદ કોન્સ્ટેબલ અમજદ અલી ખાનને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉધમપુરમાં પુષ્પાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ મહાનિર્દેશક નલિન પ્રભાતે ઉધમપુરમાં જિલ્લા પોલીસ લાઈન્સમાં આ ગૌરવપૂર્ણ સમારોહનું નેતૃત્વ કર્યું હતું.

પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG), સેના અને CRPF ની સંયુક્ત ટીમ સ્નિફર ડોગ્સની મદદથી ઓપરેશન હાથ ધરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સોમવારે, પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ (ત્રીસ) સંગઠન સાથે જોડાયેલા ત્રણ આતંકવાદીઓની હાજરી અંગે પોલીસે છાપો માર્યો હતો, જેના પછી સુરક્ષા દળો સોન ગામમાં આતંકવાદીઓ સાથે ગોળીબારમાં રોકાયેલા હતા.

# ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બન્યાના ગણતરીના દિવસો પછી જ નીતિન નવીનનું બિહાર મંત્રી પદેથી રાજીનામું

## કાર્યકારી પ્રમુખ ભાજપની જાહેર સેવા અને રાષ્ટ્રનિર્માણની યાત્રાને નવી દિશા પ્રદાન કરશે

નવી દિલ્હી/પટના,
ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા પછી, નીતિન નવીને બિહાર સરકારમાં તેમના મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું. તેઓ બે વિભાગો - માર્ગ બાંધકામ અને શહેરી વિકાસ અને ગૃહનિર્માણ - નો હવાલો સંભાળી રહ્યા હતા.

ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ, નીતિન નવીને સોમવારે તેમની નવી જવાબદારી સંભાળી, ટોચના નેતાઓએ કહ્યું કે



તેમની સંગઠનાત્મક કુશળતા પક્ષની જાહેર સેવા અને રાષ્ટ્રનિર્માણની યાત્રાને નવી દિશા પ્રદાન કરશે. અહીં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના મુખ્યાલયમાં પાર્ટી અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે પી નડ્ડા, ગૃહ પ્રધાન અમિત શાહ, શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા સહિત અન્ય લોકોની હાજરીમાં નવીનનું સન્માન પણ કરવામાં આવ્યું.

નવીનની નિમણૂક અંગે નડ્ડાનું નિવેદન
મુખ્ય પક્ષ પદનો કાર્યભાર સંભાળવા બદલ નડ્ડાને હાર્દિક અભિનંદન આપતા, નડ્ડાએ કહ્યું કે તેમને સંપૂર્ણ વિશ્વાસ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, કાર્યકારી પ્રમુખ ભાજપની જાહેર સેવા અને રાષ્ટ્રનિર્માણની યાત્રાને નવી દિશા પ્રદાન કરશે. "તે જ સમયે, તમે ભાજપ સરકારની જન કલ્યાણકારી નીતિઓ અને સંગઠનના વિચારોને વધુ મજબૂત સંકલ્પ સાથે લોકો સુધી પહોંચાડશો. હું તમારી નવી જવાબદારીઓ અને સફળ કાર્યકાળ માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું," નડ્ડાએ ઠ પરની એક પોસ્ટમાં કહ્યું.

બિહારમાં નીતિશ કુમારની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) સરકારમાં મંત્રી રહેલા ૪૫ વર્ષીય નવીનને રવિવારે ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ આખરે નડ્ડા પછી તેના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળે તેવી શક્યતા છે, જે શાસક પક્ષમાં પેઢીગત પરિવર્તનનો સંકેત આપે છે.

ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ ધારાસભ્ય નવીન કિશોર પ્રસાદ સિંહાના પુત્ર, નવીનને ગતિશીલ, વૈચારિક રીતે મૂળવાળા અને સંગઠન પ્રત્યે ઊંડે પ્રતિબદ્ધ માનવામાં આવે છે, એમ પક્ષના નેતાઓએ જણાવ્યું હતું. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પૃષ્ઠભૂમિમાંથી પણ આવે છે. પાંચ વખત ધારાસભ્ય રહેલા, નવીન પટણાના બાંકીપુર વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે અને બિહાર સરકારમાં બે વાર મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે.

# NIA દરેક રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશમાં સમર્પિત કોર્ટ બનાવશે; દિલ્હીમાં ૧૬ વિશેષ કોર્ટ હશેઃ કેન્દ્રએ SC ને જણાવ્યું

નવી દિલ્હી,
મંગળવારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ઝડપી સુનાવણી સુનિશ્ચિત કરવા માટે, દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં એક સમર્પિત NIA કોર્ટ અને આતંકવાદ વિરોધી કાયદા હેઠળ ૧૦ થી વધુ કેસ હોય તેવા સ્થળોએ એક કરતાં વધુ કોર્ટ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દિલ્હી સરકાર દ્વારા મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચને એ પણ કહેવામાં આવ્યું હતું કે સંગઠિત ગુના અને આતંકવાદના કેસોનો સામનો કરવા માટે રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૬ વિશેષ અદાલતો બનાવવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે કોઈપણ અધિકારક્ષેત્રના સંઘર્ષને ટાળવા માટે, સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર માટે MCOCA જેવો કડક સંગઠિત ગુના વિરોધી કાયદો ઘડવાની શક્યતા શોધવા કહ્યું.

ગેંગસ્ટર મહેશ ખત્રી, જેની સામે NCRના વિવિધ વિસ્તારોમાં અનેક કેસ નોંધાયેલા છે અને વિલંબિત સુનાવણીના આધારે કોર્ટ સમક્ષ જામીન મેળવવા માટે અરજી કરી રહ્યા છે, તેની નોંધ લેતા, CJI કાંતે કહ્યું કે સંગઠિત ગુનામાં સામેલ કટ્ટર ગુનેગારો દ્વઝઈમાં અધિકારક્ષેત્રના મુદ્દાઓનો અયોગ્ય લાભ લે છે અને કાયદાથી બચી જાય છે.

"કેટલીકવાર ગુનો કહોકેછ રાજ્યમાં થાય છે, અને ગુનેગાર ત્ર રાજ્યમાં જાય છે. પરંતુ કઈ અદાલત કે એજન્સીએ તાત્કાલિક તપાસ માટે આ મામલાની નોંધ લેવી જોઈએ, અથવા કઈ અદાલતોને સક્ષમ અધિકારક્ષેત્ર હોવું જોઈએ તે ફોજદારી ટ્રાયલમાં એક મુદ્દો બની જાય છે," બેન્ચે કહ્યું. સુપ્રીમ કોર્ટ ખત્રી અને મહારાષ્ટ્રના ગઢચિરોલીના નક્સલવાદી સહાનુભૂતિ ધરાવતા કૈલાશ રામચંદાનીની જામીન અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમના પર ૨૦૧૯ માં ઈંઢ વિસ્ફોટમાં ક્વિક રિસ્પોન્સ ટીમના ૧૫ પોલીસકર્મીઓ માર્યા ગયા બાદ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

CJI એ કહ્યું કે અંતિમ લાભ કટ્ટર ગુનેગારોને જાય છે, જે સમાજ કે રાષ્ટ્રના હિતમાં ન હોઈ શકે.

"એવું લાગે છે કે આ મુદ્દા પર વિચારણાની જરૂર છે, જેમાં દ્વઝઈ ક્ષેત્રમાં હાલના કાનૂની માળખાના અસરકારક ઉપયોગ માટે અસરકારક કાયદા બનાવવાની ઈચ્છાશક્તિનો સમાવેશ થાય છે," તેમણે કહ્યું.

ખત્રીના કેસમાં અનેક FIR દાખલ થવા તરફ ધ્યાન દોરતા, ન્યાયાધીશ બાગચીએ એડિશનલ સોલિસિટર જનરલ્સ ઐશ્વર્યા ભાટી અને એસડી સંજયને કહ્યું કે તેઓ એવા કેસોમાં NIA એક્ટ લાગુ કરવાની શક્યતા શોધી શકે છે.

# પંજાબના મોહાલીમાં કબડ્ડી ટુર્નામેન્ટમાં ગોળીબારમાં ૩૦ વર્ષીય ખેલાડીનું મોત

મોહાલી,
પંજાબના મોહાલીના સોહાના વિસ્તારમાંથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. સોહાનામાં કબડ્ડી ટુર્નામેન્ટ દરમિયાન ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં એક ખેલાડીનું મોત થયું હતું. આ ઘટના સેક્ટર ૭૯ ના મેદાનમાં બની હતી જ્યાં કબડ્ડી મેચ રમાઈ રહી હતી. અહેવાલો અનુસાર, હુમલાખોરો મોટરસાઈકલ પર આવ્યા હતા અને પહોંચતા જ ગોળીબાર શરૂ કરી દીધો. ગોળીબારમાં એક કબડ્ડી ખેલાડી અને ટુર્નામેન્ટના આયોજક ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ ખેલાડીને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે તેમને શરૂઆતમાં ફટાકડા ફોડવાનું લાગ્યું હતું. મેચ દરમિયાન લગભગ છ ગોળીબાર કરવામાં આવ્યા હતા, જે દર્શકો ઉપરથી પસાર થયા હતા. ઘણા કબડ્ડી ખેલાડીઓ મેદાનમાં પ્રેક્ટિસ કરી રહ્યા હતા ત્યારે અચાનક ગોળીબાર શરૂ થયો. ગોળીબાર બાદ હુમલાખોરો ભાગી ગયા. પ્રખ્યાત ગાયક મનકીર્ત ઔલખ પણ ટુર્નામેન્ટમાં ભાગ લેવાના હતા. નોંધનીય છે કે બેદવાન સ્પોર્ટ્સ ક્લબ સોહાના શહેરમાં ચાર દિવસીય કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરી રહી છે. ટુર્નામેન્ટમાં ઘણી ટીમો ભાગ લઈ રહી છે.

# યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ ૧૫ ડિસેમ્બરથી H-1B અને H-4 વિઝા અરજદારો માટે ઓનલાઈન હાજરી સમીક્ષા ફરજિયાત

વોશિંગટન,
યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે જાહેર કર્યું છે કે ૧૫ ડિસેમ્બરથી H-1B અને H-4 વિઝા માટેના તમામ અરજદારોએ તેમની અરજી પ્રક્રિયાના ભાગ રૂપે 'ઓનલાઈન હાજરી સમીક્ષા'માંથી પસાર થવું પડશે.

૯ ડિસેમ્બરના રોજ, ભારતમાં યુએસ એમ્બેસીએ ૧૫ ડિસેમ્બરથી સોશિયલ મીડિયા સ્ક્રીનીંગ આદેશ લાગુ થાય તે પહેલાં વિઝા એપોઈન્ટમેન્ટ રદ કરવાની અને ફરીથી શેડ્યૂલ કરવાની જાહેરાત કરી.

પરિણામે, તમામ વિઝા એપોઈન્ટમેન્ટ્સ સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવી છે, જેની સૌથી વધુ અસર H-1B વિઝા ધારકો પર પડી છે. ભારતીય H-1B વિઝા ધારકો હાલમાં કોન્સ્યુલેટમાં વિઝા સ્ટેમ્પ મેળવવામાં અસમર્થતાને કારણે દેશમાં ફસાયેલા છે.

ભારતમાં યુએસ એમ્બેસીએ શું કહ્યું તે અહીં છે
ભારતમાં યુએસ એમ્બેસીનાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે સ્ટેટ ડિપાર્ટમેન્ટ હાલમાં વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ વિઝિટર્સ, જેમાં F, M અને Jનો સમાવેશ થાય છે, સંબંધિત વિઝા શ્રેણીઓ માટે ઓનલાઈન હાજરી ચકાસણી કરે છે. ૧૫ ડિસેમ્બરથી શરૂ થતાં, આ મૂલ્યાંકનમાં H-1B અને H-4 વિઝા માટે અરજદારોનો પણ સમાવેશ થશે.

પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય વિભાગ "સંસાધન ઉપલબ્ધતા સાથે મેળ ખાતી વખતે નિયમિતપણે નિમણૂકોમાં ફેરફાર કરે છે" અને કોઈપણ ફેરફારોની અસરગ્રસ્ત અરજદારોને તાત્કાલિક સૂચના આપે છે.

આ સ્પષ્ટતા મંગળવારે ઠ પર મિશન ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલ જાહેર સૂચના પછી આવી છે, જેમાં અરજદારોને તેમની અગાઉ ગોઠવાયેલી નિમણૂક તારીખોમાં હાજરી આપવા સામે ચેતવણી આપવામાં આવી છે.

# ઈઝરાયલી હુમલાઓ બાદ ગાઝામાં વરસાદ અને પૂરે ભારે તબાહી મચાવી, સ્થિતિ ગંભીર

ગાઝા,
ભલે ઈઝરાયલના ગાઝા પર હુમલાઓ બંધ થઈ ગયા હોય, ત્યાં રહેતા લોકોની મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી. હવામાન હવે ગાઝાના લોકો માટે સૌથી મોટી સમસ્યા બની ગયું છે. ભારે વરસાદથી ગાઝામાં તંબુ કેમ્પ ભીના થઈ ગયા છે, અને તાપમાનમાં ઘટાડો થવાને કારણે લોકો ઠંડીમાં જીવવા મજબૂર થઈ રહ્યા છે. પરિસ્થિતિ એવી છે કે રાહત કાર્ય ઠપ્પ થઈ ગયું છે, અને લોકોને સહાય પૂરી પાડવી મુશ્કેલ બની ગઈ છે.

ભારે વરસાદથી ઘણા પરિવારોના તંબુઓમાં પાણી ભરાઈ ગયું, જેનાથી તેમનો સામાન અને ખોરાક ભીંજાઈ ગયો. બાળકોને કાળા અને કાળા પાણીમાં ચાલવાની ફરજ પડી. કેટલીક જગ્યાએ પાણી ઘૂંટણિયે હતું. કાચા રસ્તાઓ કાદવમાં ફેરવાઈ ગયા. કચરાના ઢગલા અને ગટર ધોધની જેમ વહેવા લાગ્યા. ખાન યુનિસ તંબુ કેમ્પમાં રહેતી એક મહિલા ઉમ્મ સલમાન અબુ કેનાસે કહ્યું, "અમે ડૂબી ગયા છીએ. મારી પાસે પહેરવા માટે કપડાં નથી, અને અમારી પાસે ગાદલા પણ નથી." તેણીએ કહ્યું કે તંબુઓ ભરાઈ ગયા હોવાથી તેનો પરિવાર સૂઈ શકતો નથી. રાહત જૂથો કહે છે કે યુદ્ધવિરામ દરમિયાન અપૂરતો રાહત પુરવઠો ગાઝા પહોંચી રહ્યો છે.




# શિક્ષકે 15% વ્યાજે લીધેલા 90 હજારના 1.40 લાખ ચુકવ્યાં છતા 3 લાખ બાકી કાઢ્યા!

## કોરા ચેક આપેલા તે પણ વધારે રકમ ભરી બાઉન્સ કરાવ્યા : નાણાની ઉઘરાણી કરી મારમારી ધમકી આપ્યાની ચાર શખ્સો સામે ભરતનગર પોલીસમાં ફરિયાદ

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેર અને જિલ્લામાં વ્યાજખોરીનું દુષણ વધ્યુ છે અને લોકો તેનો ભોગ બની રહ્યા છે આવો જ એક બનાવ શહેરમાં બન્યો છે જેમાં એક શિક્ષકે ૧૫ ટકાના વ્યાજે લીધેલા ૯૦ હજાર રૂપીયાનું ૧.૪૦ લાખ વ્યાજ ચુકવી દીધું છતા વ્યાજખોરો રૂપીયા ૩ લાખ બાકી કાઢી શિક્ષકને મારમારી ધમકી આપ્યાની ચાર શખ્સો સામે ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતા ચકચારી મચી જવા પામી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરની એમ.કે.જમોડ હાઈસ્કુલમાં છેલ્લા ૧૫ વર્ષથી નોકરી કરતા અને પરમેશ્વર પાર્ક બ્લોક નં.૩૩-એ ટોપથ્રી સર્કલ ભાવનગર ખાતે રહેતા કૃપાલભાઈ ખોડાભાઈ ખસીયા (ઉ.વ.૪૦)એ ભરતનગર પોલીસ મથકમાં નિતીન લક્ષ્મણભાઈ બારૈયા (ઉ.વ.૨૨) પ્લોટ નં.૨૫૯૧ સંકેત કોમ્પ્લેક્ષ મહિલા કોલેજ ભાવનગર તથા વિરમદેવસિંહ જોરસિંહ મોરી (ઉ.વ.૨૩) પ્લોટ નં.૧૫૦-એ જુની પીપલ્સ સોસાયટી સુભાષનગર ભાવનગર તથા ચંદ્રસિંહ નારણભાઈ પરમાર (ઉ.વ.૩૨) નવા પ્લોટ બળીયા હનુમાન ચોક વરતેજ તેમજ જીગ્નેશ કાળુભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯) રહે. ઓમ નમઃશિવાય સોસાયટી ધનજીભાઈ ચોક ફુલસર ભગવાનભાઈ ચૌહાણના મકાનમાં ભાડેથી આ તમામ ચારેય સામે એવા મતલબની ફરીયાદ નોંધાવેલ કે ગત તા.૨૩-૪-૨૦૨૪ના રોજ તેને પૈસાની જરૂર હોય તેના પૂર્વ વિદ્યાર્થી નિતીન લક્ષ્મણભાઈ બારૈયાને વાત કરતા તેમણે વિરમદેવસિંહ મોરી પાસેથી રૂપીયા ૪૦ હજાર ૧૫ ટકા વ્યાજે અપાવ્યા હતા. જેનું દર મહિના ૫ હજાર લેખે ચાર મહિના સુધી ગુગલ પે મારફત વ્યાજ ચુકવ્યુ હતું. ત્યારબાદ ફરીથી તેમને પૈસાની જરૂર પડતા બીજા ૫૦ હજાર ૧૫ ટકા વ્યાજે લીધેલ અને વિરમદેવસિંહને બે કોરા ચેક આપ્યા હતા. અને કુલ ૯૦ હજારનું દર મહિના રૂપીયા ૧૨ હજાર વ્યાજ ચુકવતા હતા. અને ૧.૪૦ લાખ વ્યાજ ચુકવી આપેલ તેમ છતા વિરમદેવસિંહે મુળ ૯૦ અને વ્યાજના મળી રૂપિયા ૩ લાખની બળજબરી ઉઘરાણી કરી હતી.

ત્યારબાદ વિરમદેવસિંહે ફોન કરી તેમને હિસાબ માટે ભાંગલી ગેટ પાસે બોલાવેલ ત્યાં જતા તેમને વિરમદેવસિંહ અને ચંદ્રદેવસિંહે પૈસાની ઉઘરાણી કરી લાકડાના ધોકાથી માર મારી છરી બતાવી મારી નાખવાની ધમકી આપેલ. આ દરમિયાન તેમણે આપેલા કોરા ચેક પણ રૂપીયા પાંચ લાખની રકમ ભરી બાઉન્સ કરાવેલ. આ અંગે ભરતનગર પોલીસે ચારેય શખ્સો વિરૂધ્ધ બીએનએસની કલમ ૩૦૮-૫ ૧૧૫-૨, ૩૫૨, ૩૫૧-૩, ૫૪ તેમજ નાણા ધિરધાર કરનાર અધિનિયમ ૪૦-૪૨ તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




# ઘરનો દરવાજો તોડી ગેરકાયદે પ્રવેશી અંદર નુકશાન કર્યાની પાડોશી પરિવાર સામે રાવ

**બાઈક દૂર લેવાનું કહેવા જેવી સામાન્ય બાબતે ઝગડો કરી પરિવારના સભ્યોએ ગાળો બોલી મારમારી ઘરમાં તોડફોડ કરી નુકશાન કર્યાની ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ**

ભાવનગર,તા.૧૭

શહેરના રુવા ૨૫ વારિયા, લીલા ઉડાન સામે રહેતી મહિલા અને તેના પતિને પાડોશી પરિવારે તેનું બાઈક દૂર લેવાનું કહેવા જેવી સામાન્ય બાબતે ઝગડો કરી ગાળો આપી મારમારી, રાત્રીના તેમના ઘરનો દરવાજો તોડી ગેરકાયદે ઘરમાં પ્રવેશી તોડફોડ કરી નુકશાન કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રુવા ૨૫ વારિયા, લીલા ઉડાન સામે રહેતીઅફ્સાનાબેન વિરેન્દ્રભાઈ ઉર્ફે બાઘો રાજુભાઈ સોલંકીએ ઘોઘારોડ પોલીસ મથકમાં તેના ઘરની નજીક રહેતા શાહીન કામ્બડ, રીટાબેન શાહીન કામ્બડ, યશ શાહીન કામ્બડ, યશના પત્ની ટાટા બે અજાણ્યા પુરુષો અને એક મહિલા સહીત સામે બાઈક દૂર લેવાનું કહેવા જેવી સામાન્ય બાબતે પરિવારે ઝગડો કરી ગાળો આપી, મારમારી, રાત્રી સમયે તેમના ઘરનો દરવાજો તોડી ગેરકાયદે ઘરમાં પ્રવેશી તોડફોડ કરી રૂ.૫૦ હજારનું નુકશાન કર્યાની ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ અફ્સાનાબેનના પતિ વિરેન્દ્રભાઈ રોજ પોતાની કાર પાર્ક કરતા હતા ત્યાં શાહિનભાઈ કંબળનું બાઈક પડ્યું હોય તેમને બાઈક દૂર લેવાનું કહેલ જેમાં વાર લાગતા ફરીથી કહેતા શાહીન તથા તેના પત્ની રીટાબેન બહાર આવી વિરેન્દ્રભાઈ સાથે ઝગડો કરી ગાળો દેવા લાગેલ જેથી અફ્સાનાબેન ત્યાં જય અને કહેલ કે શું કામ ગાળો આપો છો. તો તેમને પણ ગાળો આપી ઝગડો કરેલ. અને બોલાચાલી કરેલ બાદ શાહીને જાતે પોતાના બાઈકને નુકશાન કરી અને પોલીસને ફોને કરતા તેના પતિ બહાર ચાલ્યા ગયેલ અને ફરિયાદી અફ્સાનાબેન પણ ઘરને તાળું મારી પાડોશીના ઘરે જતા રહેલ દરમિયાન રાત્રીના સમયે શાહીન, તેની પત્ની, પુત્ર, તેની પત્ની, બે અજાણ્યા પુરુષ અને એક મહિલા સહીત તેના ઘર પાસે આવેલ અને તેના ઘરનો દરવાજો ધોકા વડે તોડી ગેરકાયદે અંદર પ્રવેશી ઘરમાં તોડફોડ કરેલ આથી ફરીયાદી અફસાનાબેન નવાપરા ડીએસપી ઓફિસ પહોંચેલ અને સઘળી હકીકત કહેતા પોલીસ સાથે તેમના ઘરે ગયેલ ત્યારે તેમના ઘરમાં તમામ વસ્તુ તોડફોડ કરેલી પડી હતી અને શાહિનનો પરિવાર તેના ઘરને તાળું મારી નાશી ગયેલ આ અંગે ઘોઘા રોડ પોલીસે બીએનેસની કલમ ૩૩૩, ૩૫૨, ૩૫૧-૩, ૩૨૪-૪, ૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કફ શીરપનો ગેરકાયદે વેપલો કરનાર ગેંગ પોલીસની ઝપટે



ભાવનગર,તા.૧૭

ભાવનગરમાં નશીલી કફ શીરપનો ગેરકાયદે વેપલો કરનાર તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે ત્યારે વધુ એક ગેંગ પોલીસને હાથ લાગી છે જે કફ શીરપને ગેરકાયદે રીતે વેચી રહી હતી. પોલીસે શહેર અને જિલ્લાના મળી ૬ શખ્સોને ઝડપી લઈ કોડીન ફોસફેટ કફ શીરપની કુલ ૧૨૦ બોટલ કિંમત રૂપીયા ૨૩,૮૮૦નો મુદ્દામાલ ઝપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસઓજી શાખાના ઈન્ચાર્જ પીઆઈ સુનેસરા અને તેની ટીમ દ્વારા ગત તા.૧૦ ડિસેમ્બરના રોજ એક શખ્સને ગેરકાયદે રીતે કફ શીરપનું વેચાણ કરતા ઝડપી લઈ તેની પાસેથી ૩૦ બોટલ કબ્જે લેવાઈ હતી. શખસ સામે ઘોઘારોડ પોલીસમાં ગુનો નોંધી અને ઘોઘારોડ પોલીસના સર્વેલન્સ સ્કોર્ડ દ્વારા પીએસઆઈ વી.એચ. મોરડીયાના માર્ગદર્શન તળે તપાસ હાથ ધરાઈ હતી. આ ગુનામાં કુલ ૬ શખસોની સંડોવણી ખુલી છે જેમાં હર્ષ રોહીતભાઈ ચૌહાણ (રહે.૫૦ વારીયા રાજારામના અવેડા પાસે), તુષાર ગીરધરભાઈ દિહોરા (રહે.હિલપાર્ક ચોકડી સીદસર રોડ), હિમાશું મનસુખભાઈ ડાભી (રહે.નેસવડ તાલુકો ઘોઘા), યશ મનસુખભાઈ ડાભી (રહે.નેસવડ તાલુકો ઘોઘા), રણજીત મગનભાઈ ચૌહાણ (રેહ. ત્રાપજ) અને નરેશ રાણીંગભાઈ વાઘોશી (વેલનાથ મેડીકલ રહે.તણસા)ના નામ ખુલતા તમામની ધરપકડ કરી અને એનડીપીએસની એક્ટ તળે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

**એસઓજીએ એક શખસને ઝડપી લીધા બાદ ઘોઘારોડ પોલીસે અન્ય પાંચ શખસોની કરી ધરપકડ**

# અલંગ મણારમા બુલડોઝર ફેરવાયું

**કરોડોની જમીન દબાણ મુક્ત કરવા આજે સવારથી ઓપરેશન ડિમોલેશનનો પ્રારંભ**

ભાવનગર,તા ૧૭

ભાવનગર જિલ્લામાં અલંગ અને મણાર ગામે સરકારી તેમજ ગૌચર જમીન પર વ્યાપક દબાણ ખડકી અને મોટા માથાઓ દ્વારા તેને ભાડા પર આપી ગેરકાયદે કમાણી કરવામાં આવી રહી છે ત્યારે રાજ્ય સરકારની સૂચનાથી તંત્ર દ્વારા આજથી વધુ એક વખત ઓપરેશન ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું છે.

અલંગ અને મણાર ગામે સરકારી તેમજ ગૌચરની લગભગ ૬૩ હેક્ટર જમીન પર અંદાજિત ૪૫૯ લોકો દ્વારા દબાણ કરી જુદી જુદી પ્રકારના બાંધકામો કરવામાં આવ્યા છે, તેમજ કેટલાક લોકોએ આર્થિક ઉપાર્જન પણ મેળવ્યું છે ત્યારે તંત્ર દ્વારા દબાણ હટાવવા તખ્તો તૈયાર થતાં જ મોટા માથાઓના ઈશારે તંત્રની કામગીરીનો વ્યાપક વિરોધ કરવા પ્રયાસ કરાયો હતો. બે દિવસ પૂર્વે મોટી સંખ્યામાં સ્થાનિકો તથા શ્રમિકોને આગળ કરી તળાજા મામલતદાર કચેરીએ રજૂઆત સાથે શક્તિ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું પરંતુ તંત્ર પણ ભરી પીવાના મૂડમાં હોય તેમ આજે સવારથી ઓપરેશન ડિમોલેશન હાથ ધરાયું છે. તળાજા મામલતદાર પાસેથી ઉપલબ્ધિ વિગત મુજબ તંત્ર દ્વારા ત્રાણ જેસીબી અને ચાર ટીમ બનાવીને દબાણ હટાવ કામગીરી હાથ ધરાઈ છે. તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે થઈને પોલીસનો પૂરતો બંદોબસ્ત પણ મેળવવામાં આવ્યો છે, ઓપરેશનના પ્રારંભે હાલ કોઈ વિરોધ કે વિવાદ નહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

